વર્ષઃ 02 અંકઃ 17

01-15 માર્ચ, 2022

નિઃશુલ્ક

# ન્યૂ ઇન્ડિયા સમાચાર



સશક્ત મહિલા સમૃધ્ધ રાષ્ટ્ર

## પરિવર્તનની વાહક

### આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ વિશેષ

**'નારી શક્તિના નેતૃત્વમાં વિકાસ'ના અભિગમ સાથે સમૃધ્ધ નવા ભારતની આગેકૂચ**

# ચિનાબ રેલવે બ્રિજ

## વાદળો વચ્ચે અદભૂત એન્જિનિયરીંગનો નમૂનોઃ જમ્મુ કાશ્મીરના રિયાસી જિલ્લામાં ચિનાબ નદી પર બની રહેલા 359 મીટર ઊંચા ચિનાબ પુલનું દ્રશ્ય







**359** મીટર ઉંચો ચિનાબ આર્ક વિશ્વનો સૌથી ઊંચો રેલવે બ્રિજ છે. તેની ઊંચાઈ પેરિસના એફિલ ટાવરથી 35 મીટર ઊંચી છે

- પ્રોજેક્ટ ખર્ચ

**₹ 27,949 કરોડ**

- લંબાઇ

**1,315 મીટર**

**24,000** ટન લોખંડથી બનેલા આ પુલની પહોળાઈ 13 મીટર અને તેનું અંદાજિત આયુષ્ય 120 વર્ષથી વધુ છે

- કટરા-બનિહાલ સેક્શન પર આ પુલ ફ્રાન્સના એફિલ ટાવરથી 35 મીટર ઊંચો છે.
- ચિનાબ બ્રિજ વિશ્વનો સૌથી ઊંચો રેલવે બ્રિજ છે, જેને અત્યાધુનિક ટેકનોલોજી સાથે બનાવવામાં આવ્યો છે.
- આ બ્રિજ 266 કિ.મી. પ્રતિ કલાકની ઝડપથી ફૂંકાતી હવાનો સામનો કરવા સક્ષમ છે.

ન્યૂ ઈન્ડિયા
# સમાચાર

**વર્ષ: 02 ,અંકઃ 17 | 01-15 માર્ચ, 2022**

**સંપાદક**
**જયદીપ ભટનાગર,**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
**સંતોષકુમાર**

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
**વિભોર શર્મા**
સહાયક સલાહકાર સંપાદક
**ચંદન કુમાર ચૌધરી**

ભાષા સંપાદન
**સુમીત કુમાર (અંગ્રેજી), અનિલ પટેલ (ગુજરાતી), નદીમ અહેમદ (ઉર્દૂ), સોનિત કુમાર ગોસ્વામી (આસામીઝ), વિનયા પીએસ (મલયાલમ), પોલમી રક્ષિત (બંગાળી), હરિહર પંડા (ઉડિયા)**

સીનિયર ડિઝાઈનર
**શ્યામ શંકર તિવારી, રવિન્દ્રકુમાર શર્મા**
ડિઝાઈનર
**દિવ્યા તલવાર, અભય ગુપ્તા**

પ્રકાશક અને મુદ્રક
**સત્યેન્દ્ર પ્રકાશ,**
**મુખ્ય મહાનિદેશક, બીઓસી (બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન વતી)**

મુદ્રણઃ **અરાવલિ પ્રિન્ટર્સ એન્ડ પબ્લિશર્સ પ્રાઈવેટ લિમિટેડ, W-30 ઓખલા ઈન્ડસ્ટ્રીયલ એરિયા, ફેઝ-ટુ, નવી દિલ્હી-110020**



**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ**
રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003
**ઈમેલઃ response-nis@pib.gov.in**




RNI No. : DELGUJ/2020/78810


# અંદરના પાને..
## ભારતની નારી શક્તિ બની દેશ માટે પ્રેરણા



**કવર સ્ટોરી**
**સેના હોય કે સ્ટાર્ટઅપ, ઓલિમ્પિક હોય કે રિસર્ચ, શિક્ષણ હોય કે વિજ્ઞાન કે પછી રાજકારણ, આજે દરેક ક્ષેત્રમાં મહિલાઓ સફળતાના શિખર પર છે.** | પેજ 10-26

ફ્લેગશિપ યોજના
**અસંગઠિત ક્ષેત્રના કામદારોનું ભાવિ સલામત બન્યું**



પીએમ શ્રમયોગી માનધન યોજનાની સફળતાના ત્રણ વર્ષ | પેજ 30-31


**સમાચાર સાર** | પેજ 4-5

**વિશેષ સંબંધ**
સ્વર કોકિલા લતા મંગેશકરને શ્રદ્ધાંજલિ | પેજ 6-8

**આધુનિક ઓડિશાના ઘડવૈયા**
બે દેશોના સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લેનારા બીજુ પટનાયક | પેજ 9

**ટેકનોલોજીથી સશક્ત બનશે ખેડૂતો**
વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ICRISAT, હૈદરાબાદની મુલાકાત | પેજ 27

**સંસ્કૃતિની સાથે સમાનતાનો સંદેશ 'સ્ટેચ્યુ ઓફ ઈક્વાલિટી'**
રામાનુજાચાર્યની પ્રતિમા રાષ્ટ્રને સમર્પિત | પેજ 28-29

**નવા ભારતના નિર્માણ માટે પ્રતિબધ્ધ સરકાર**
સંસદના બંને ગૃહોમાં આભાર પ્રસ્તાવ પર વડાપ્રધાનનું સંબોધન | પેજ 32-34

**કોવિડ સામેની લડાઈમાં સંપૂર્ણ રસીકરણ તરફ આગેકૂચ**
કોવિડ-19 સામેની લડાઈમાં આગળ વધી રહેલો દેશ | પેજ 35-36


અમૃત મહોત્સવ
**ભારતના એ અમર બલિદાની...**






અમૃત મહોત્સવની શ્રૃંખલા અંતર્ગત આ અંકમાં વાંચો દેશ માટે સર્વસ્વ ત્યજી દેનાર સુશીલા દીદી, સચ્ચિદાનંદ હીરાનંદ વાત્સાયન 'અજ્ઞેય', બુર્ગુલા રામકૃષ્ણ રાવ, વિશ્વનાથ દાસની કહાની | પેજ 37-40

# સંપાદકની કલમે...

સાદર નમસ્કારા,

***तू बस आगे बढ़के ठान ले तो कदमों पर तेरे है कामयाबी।***
***स्वतंत्रता, संस्कृति , सम्मान , शक्ति सब तुझसे ही है।***
***वो आत्मवि श्वा सी नारी तू नारायणी।।।***

ભારત તેની આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે, ત્યારે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસનું મહત્વ વધી જાય છે. કિત્તૂરની રાણી ચેનમ્મા, મતંગિની હાજરા, રાણી લક્ષ્મીબાઈ, ઝલકારી બાઈ જેવી વીરાંગનાઓથી માંડીને અહલ્યાબાઈ હોળકર અને સાવિત્રબાઈ ફુલે જેવાં સામાજિક કાર્યકર્તાઓ આજે પણ નારી શક્તિનાં પ્રતીક છે અને દેશ માટે પ્રેરણાનો સ્ત્રોત છે, જેમણે ભારતની ઓળખ જાળવી રાખી. તેમણે દર્શાવેલા માર્ગ પર ચાલીને ન્યૂ ઇન્ડિયા તેમનાં સપનાઓને પૂરા કરી રહ્યું છે.


મહિલાઓનું સન્માન કરે તે સમાજ જ પ્રગતિ કરી શકે છે. મહિલાઓની સલામતીથી માંડીને સ્વાવલંબન બનાવવાની દિશામાં વીતેલાં કેટલાંક વર્ષોમાં કેન્દ્ર સરકારે અનેક પગલાં લીધાં છે અને કેટલીક મહત્વની યોજનાઓ અમલી બનાવી છે. આનાથી દેશની અડધી વસતિને પોતાનું કૌશલ્ય દર્શાવવાની તક મળી રહી છે. નવા ભારતનો અભિગમ મહિલા વિકાસ પૂરતો સીમિત નથી. દેશ હવે મહિલાના નેતૃત્વમાં વિકાસની યાત્રા પર નીકળી પડ્યો છે.

તેનું પરિણામ એ આવ્યું કે, ન્યૂ ઇન્ડિયામાં સેના, સ્ટાર્ટઅપ, ઓલિમ્પિક, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સહિતનાં ક્ષેત્રોમાં દેશની દીકરીઓ નવી સિધ્ધિઓ નોંધાવી રહી છે. સંસદમાં મહિલાઓની ભાગીદારી વધી રહી છે, તો સેક્સ રેશિયોમાં પુરુષો કરતા મહિલાઓની સંખ્યા વધી છે. આ પરિવર્તન એ વાતનો સંકેત છે કે નવું ભારત કેટલું શક્તિશાળી હશે. 'બેટી બચાઓ બેટી પઢાઓ' સૂત્રને ધ્યાનમાં રાખીને મહિલાઓ માટે બનાવવામાં આવેલી સંવેદનશીલ નીતિઓએ સમાજને જાગૃત કર્યો છે. લોકો હવે દીકરીઓને આત્મનિર્ભરતાની ઊડાન ભરતી જોવા માંગે છે, તેમનાં સપનાને પાંખો આપવા માંગે છે.

કેન્દ્ર સરકારની યોજનાઓ અને નીતિઓને કારણે મહિલા શક્તિ રાષ્ટ્રની સમૃધ્ધિની વાહક બની રહી છે. 8 માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના ખાસ પ્રસંગે આ થીમ પર કવર સ્ટોરી બનાવવામાં આવી છે. ભારત રત્ન લતા મંગેશકરના અવસાન પર શ્રધ્ધાંજલિ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો તેમની સાથેનો વિશેષ પ્રેમ દર્શાવતો લેખ, શ્રમિકોનું માન વધારતી પીએમ શ્રમયોગી માન ધન યોજના, વ્યક્તિત્વ શ્રૃંખલામાં બીજુ પટનાયક, અમૃત મહોત્સવ શ્રૃંખલામાં મહાનાયકોની ગાથા, બદલાતા ભારતની કહાની, કોવિડ અપડેટ અને સંસદથી માંડીને અનેક યોજનાઓ પર વડાપ્રધાનના સંબોધનો આ અંકમાં સામેલ કરવામાં આવ્યા છે.

તમે તમારા સૂચનો ઈમેલ **response-nis@pib.gov.in** પર મોકલતા રહો.

**(જયદીપ ભટનાગર)**




# પ્રતિભાવ

## વિશ્વનું પ્રતિનિધિ ભારત

ન્યૂ ઇન્ડિયા સમાચારનો 1-15 ફેબ્રુઆરીનો અંક મળ્યો. એમાં કોઈ શંકા નથી કે ભારતે રસીકરણના અભિયાનમાં વિશ્વ ઇતિહાસમાં જે સફળતા હાંસલ કરી છે, તેનાં પર ભારતને ગર્વ છે. એક વર્ષથી ઓછા સમયમાં દેશમાં 150 કરોડ રસીના ડોઝ લગાવવા એ વિશ્વભરના લોકો માટે આશ્ચર્યનો વિષય છે. એમાં કોઇ શક નથી કે મોદી સરકારની મજબૂત ઇચ્છાશક્તિ અને રસી ઉત્પાદન એજન્સીઓની ક્ષમતાએ દેશને વિક્સિત દેશોની સરખામણીમાં કોરોનાનો વધુ અસરકારક રીતે સામનો કરવામાં સફળતા અપાવી છે. બીજી બાજુ, રસીના ઉત્પાદન ક્ષેત્રમાં ભારત આજે વિશ્વનો પ્રતિનિધિ દેશ બની ગયો છે.

**-ડૉ. હરિકૃષ્ણ બડોદિયા,** haribarodiya@gmail.com

## સંગ્રહણીય અને વાંચવાલાયક મેગેઝીન

ન્યૂ ઇન્ડિયા સમાચાર દેશનાં દરેક ભાગમાં થઈ રહેલી પ્રગતિની તસવીર રજૂ કરે છે. તેમાં આપેલી માહિતીથી સામાન્ય જ્ઞાનમાં વૃધ્ધિ થાય છે એટલું જ નહીં, પણ દેશ પ્રત્યે ચિંતન-મનનની ક્ષમતા પણ વિક્સિત થાય છે. કોઈ પણ સમાચારની ઉપયોગિતાની ત્રણ કસોટી છેઃ વિશ્વસનિયતા, પ્રામાણિકતા અને નિષ્પક્ષતા. ન્યૂ ઇન્ડિયા સમાચાર આ ત્રણેય કસોટીઓમાં સંપૂર્ણપણે ખરું ઉતરે છે. મેગેઝીનનો દરેક અંક સંગ્રહણીય અને વાંચવા લાયક હોય છે. સુંદર મેગેઝીન અને સમાચારોના વિશ્લેષણ-પ્રસ્તુતિકરણ માટે સંપાદકીય ટીમનો વિશેષ આભાર અને અભિનંદન.

**મોહિત સોની**
sonimohit895@gmail.com

## દરેક અંકમાં નવી માહિતી

ન્યૂ ઇન્ડિયા સમાચારના માધ્યમથી આપણા દેશના વિકાસની જે માહિતી મળે છે તેને શબ્દોમાં વર્ણન કરવું અશક્ય છે. દરેક અંકમાં નવી માહિતીને કારણે જ્ઞાનમાં વધારો થાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણમાં પોતાના દેશનો વિકાસ થતો જોવો એક આત્મિક અનુભૂતિ છે. 'સમાજ સુધારાની મશાલ પ્રજ્વલિત કરવાની સાથે આઝાદીની લડાઇ લડી' વિષય પરનો લેખ વાંચીને મન પ્રફુલ્લિત થઈ ગયું. આઝાદીના લડવૈયાઓની કહાનીઓ મનમાં તેમનાં જેવા બનવાની ઈચ્છા જગાવે છે. ભવિષ્યમાં પણ તમે મને અંક મોકલતા રહેશો તેવી અપેક્ષા રાખું છું.

**-ડૉ. દીપમાલા**
deep.mala@sgndkc.du.ac.in

## ભારત સરકારની યોજનાઓની સચોટ માહિતી

ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીન નિયમિત રીતે મળી રહ્યું છે, તેમાં લેટેસ્ટ અને ભારત સરકારની યોજનાઓ પર વિષયવાર અને ક્રમ અનુસાર પ્રકાશિત સામગ્રી માહિતીપ્રદ, સચોટ અને સમજવામાં સરળ અને ઉપયોગી હોય છે.

**અરવિંદ યાદવ ,** yadavarvind1965@gmail.com

## માહિતીનું સશક્ત માધ્યમ

આ મેગેઝીન સરકારની નીતિઓને જાણવાનું મજબૂત માધ્યમ છે. મેગેઝીનમાં રસપ્રદ અને સચોટ આંકડા રજૂ કરવામાં આવે છે. સરકારની પારદર્શિતાનું વર્ણન આ મેગેઝીનમાં જ વાંચવા મળે છે. આનંદની વાત છે કે દેશની લગભગ તમામ મુખ્ય ભાષાઓમાં તે પ્રકાશિત થાય છે.

**કૃષ્ણચંદ્ર ત્રિપાઠી** , krishnchandratripathi@gmail.com

## ઇમેલ એડ્રેસ

**ઇમેલ- response-nis@pib.gov.in**



# કઠોળના ઉત્પાદનમાં આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહેલું ભારત

પ્રોટીન મેળવવાનું સૌથી સરળ માધ્યમ કઠોળ છે. એટલાં માટે સામાન્ય નાગરિકોને સારું પોષણ આપવાની દિશામાં સતત પ્રયાસ કરી રહેલી કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત ઘઉં અને ચોખાની સાથે સાથે કઠોળ પણ મફતમાં પૂરું પાડવાનું નક્કી કર્યું છે. એક અંદાજ પ્રમાણે વર્ષ 2050 સુધી ભારતમાં દર વર્ષે કઠોળની ખપત 320 લાખ ટન થઈ જશે. ભારત તેની જરૂરિયાતનું મોટા ભાગનું કઠોળ આયાત કરે છે. પણ કેન્દ્ર સરકારે આત્મનિર્ભર ભારત તરફ આગેકૂચ કરી તો કઠોળનાં ઉત્પાદનને પણ પ્રોત્સાહન આપવાનો નિર્ણય કર્યો અને બે તરફી વ્યૂહ ઘડ્યો. એક બાજુ, કઠોળની સારી વેરાઈટીની ઉપજ અને બીજ વિકસિત કરવા માટે વૈજ્ઞાનિકોને અપીલ કરવામાં આવી, તો બીજી બાજુ, ખેડૂતોને કઠોળનાં ઉત્પાદન માટે પ્રોત્સાહિત પણ કરવામાં આવ્યા. દેશભરમાં 150 કઠોળ બીજ હબની સ્થાપના કરવામાં આવી. કઠોળની એમએસપીમાં 40થી 73% સુધીનો વધારો કરવામાં આવ્યો. આને પરિણામે કઠોળનાં ઉત્પાદનમાં આશ્ચર્યજનક વધારો થયો છે. 2013-14માં દેશમાં 192.7 લાખ ટન કઠોળનું ઉત્પાદન થયું હતું, જ્યારે 2021-22ના ચોથા એડવાન્સ અંદાજ પ્રમાણે તે વધીને 257.2 લાખ ટન થઈ ગયું છે. આયાતમાં ઘટાડો થયો છે, જ્યારે દેશને દર વર્ષે રૂ. 15,000 કરોડની બચત થઈ રહી છે.

# જોબ માર્કેટમાં તેજી પાછી ફરી: જાન્યુઆરીમાં રોજગારમાં 41% વધારો



દેશના યુવાનો માટે સારા સમાચાર છે. વિવિધ સેક્ટર્સમાં મોટા પાયે ભરતી થવાને કારણે 2022નો પ્રારંભિક મહિનો નોકરી શોધી રહેલા યુવાનો માટે શુકનિયાળ નીવડ્યો. નોકરી જોબસ્પીક ઈન્ડેક્સ પ્રમાણે, જાન્યુઆરીમાં ભરતીમાં વાર્ષિક ધોરણે 41 ટકાનો વધારો નોંધાયો હતો. જાન્યુઆરી 2021માં 1925ની સરખામણીમાં જાન્યુઆરી 2022માં ઈન્ડેક્સ 2716 થયો હતો. ખાસ કરીને આઈટી સોફ્ટવેર, રિટેલ અને ટેલિકોમ જેવા સેક્ટર્સમાં નોકરીઓમાં વધારો થયો હતો. કોર્પોરેટ વિશ્વ ભવિષ્યની સંભાવનાઓ અંગે ઘણું ઉત્સાહિત હોવાથી રોજગારીની સ્થિતિ સુધરી હતી.

2021ની સરખામણીમાં મોટા ભાગનાં મહત્વનાં સેક્ટર્સમાં મજબૂત ગ્રોથના સંકેત મળ્યા. ટેલિકોમ (48%), રિટેલ (58%), આઈટી-સોફ્ટવેર (80%), શિક્ષણ (31%), ફાર્મા (29%), મેડિકલ હેલ્થકેર(10%), ઓઈલ અને ગેસ /પાવર (10%), વીમો (8%), એફએમસીજી અને ઉત્પાદન (2%) જેવા સેક્ટરમાં ગયા વર્ષ કરતાં ભરતી વધી છે.

## જમ્મુ કાશ્મીરઃ નેશનલ સિંગલ વિન્ડો સિસ્ટમમાં જોડાનાર પ્રથમ કેન્દ્રશાસિત પ્રદેશ

370મી કલમ નાબૂદ થયા પછી જમ્મુ-કાશ્મીર વિકાસનાં માપદંડમાં આગળ આવી રહ્યું છે. આ વખતે વંચિતો અને જરૂરિયાતમંદોને કેન્દ્ર સરકારની મહત્વની યોજનાઓનો લાભ મળ્યો છે, તો હવે આ કેન્દ્રશાસિત પ્રદેશ ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસના સેક્ટરમાં આગળ વધવાની તૈયારી કરી રહ્યો છે. તાજેતરમાં, જમ્મુ કાશ્મીર નેશનલ સિંગલ વિન્ડો સિસ્ટમ (NSWS) સાથે જોડાનાર દેશનો પ્રથમ કેન્દ્રશાસિત પ્રદેશ બની ગયો છે. કેન્દ્ર સરકારે વર્ષ 2020માં બજેટ દરમિયાન તેની જાહેરાત કરી હતી. નેશનલ સિંગલ વિન્ડો સિસ્ટમ ડિજિટલ પ્લેટફોર્મ છે. તે રોકાણકારોને તેમનાં વેપારની જરૂરિયાતોના આધારે અરજી કરવા અને તેને ઓળખવા માટેની માર્ગદર્શિકા તરીકે કામ કરે છે. ધ ઇન્ડિયા ઇન્ડસ્ટ્રીયલ લેન્ડ બેન્ક (IILB) નેશનલ સિંગલ વિન્ડો સિસ્ટમ સાથે જોડાયેલી છે. તેમાં જમ્મુ-કાશ્મીરનાં 45 ઇન્ડસ્ટ્રિયલ પાર્ક સામેલ છે. તેનાથી રોકાણકારો માટે જમ્મુ કાશ્મીરમાં ઉપલબ્ધ પ્લોટ્સ શોધવામાં મદદ મળે છે. આને કારણે રોકાણકારોને પ્લોટ અંગેની માહિતી મેળવવા અને વિવિધ હિતધારકો પાસેથી મંજૂરી મેળવવા માટે વિવિધ પ્લેટફોર્મ પર જવાની જરૂર નહીં પડે. આને કારણે જમ્મુ કાશ્મીરમાં રોકાણની નવી તકો ઉપલબ્ધ થવાથી નવી રોજગારી ઊભી થશે.


## પ્રથમ વાર બાંગલાદેશનાં માર્ગે પટણાથી ગુવાહાટીના પાંડુ પહોંચ્યું માલવાહક જહાજ

નદીઓઓ કિનારા પર અનેક સભ્યતાઓ જન્મી છે, માનવ સભ્યતાના વિકાસમાં નદીઓનું મોટું પ્રદાન હોય છે. ભારત જેવા વિશાળ વિસ્તાર ધરાવતા દેશમાં નદીઓ હવે કનેક્ટિવિટીનું માધ્યમ બની રહી છે. નદીઓ સસ્તો અને સારો વિકલ્પ હોવા છતાં વર્ષ 2014 સુધી જળમાર્ગોના વિકાસ પર ખાસ ધ્યાન નહોતું આપવામાં આવ્યું. 2016માં રાષ્ટ્રીય જળમાર્ગ કાયદો રચાયા બાદ આ સેક્ટરની સ્થિતિ બદલાવાની શરૂઆત થઈ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ સેક્ટર પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યું હોવાથી પૂર્વોત્તર જેવા ભૌગોલિક પડકાર ધરાવતા વિસ્તારોમાં પણ જળમાર્ગ દ્વારા પ્રગતિ હાંસલ કરવામાં આવી રહી છે. 5 ફેબ્રુઆરીનાં રોજ બિહારની રાજધાની પટણાથી 200 મેટ્રિક ટન અનાજ લઈને એમવી લાલ બહાદુર શાસ્ત્રી નામનું માલવાહક કાર્ગો જહાજ ગુવાહાટીના પાંડુ જવા માટે રવાના થયું. આ કાર્ગો રાષ્ટ્રીય જળમાર્ગ-1 (ગંગા નદી)ના ભાગલપુર, મનિહારી, સાહિબગંજ, ફરક્કા, ત્રિવેણી, કોલકતા, હલ્દિયા, હેમનગર માર્ગે બાંગલાદેશ થઈને જળમાર્ગ-2ના ધુબરી અને જોગીઘોપા થઈને 2,350 કિલોમીટરનું અંતર કાપશે. આ જહાજને તેની મુસાફરી પૂરી કરવામાં લગભગ 25 દિવસ લાગશે અને માર્ચના પ્રારંભ સુધીમાં તે પાંડુ પહોંચી જશે.



## અટલ ટનલનો વિશ્વની સૌથી લાંબી હાઇવે ટનલનો વિશ્વવિક્રમ

અત્યાધુનિક ટેકનોલોજીથી તૈયાર થઈ રહેલી વ્યૂહાત્મક દ્રષ્ટિએ અત્યંત મહત્વની અટલ ટનલ, રોહતાંગનું નામ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા પ્રમાણિત કરવામાં આવ્યું છે. દરિયાઇ સપાટીથી 10,044 ફુટ ઊંચાઈ પર બનેલી અટલ ટનલને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સે સત્તાવાર રીતે વિશ્વની સૌથી લાંબી ટ્રાફિક ટનલ તરીકે પ્રમાણિત કરી છે. ટનલની લંબાઇ 9.02 કિલોમીટર છે. બોર્ડર રોડ ઓર્ગેનાઇઝેશન (બીઆરઓ)એ હિમાલયના પીરપંજાલ પર્વતમાળામાં 10 વર્ષની મહેનત બાદ આ ટનલ બનાવી છે. વર્ષ 2002માં આદિવાસી જિલ્લા લાહૌલ-સ્પિતિના હેડક્વાર્ટર કેલાંગમાં તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ આ ટનલ બનાવવાની જાહેરાત કરી હતી. એ પછી વર્ષો સુધી લટકી રહેલો આ પ્રોજેક્ટ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રતિબધ્ધતાને કારણે વર્ષ 2020માં પૂરો થયો. તેનાથી મનાલીથી લેહનું અંતર આશરે 45 કિલોમીટર ઘટી ગયું છે અને મુસાફરીનાં સમયમાં ઓછામાં ઓછા પાંચ કલાકનો ઘટાડો થયો છે. ●





જન્મ: 28 સપ્ટેમ્બર, 1929
મૃત્યુ: 06 ફેબ્રુઆરી, 2022

# ખાસ સંબંધ...

**સ્વર સામ્રાજ્ઞી, સ્વર કોકિલા... તમામ વિશેષણ સંગીતની આ મહાન વિભૂતિ સામે નાનાં પડી જાય છે. સંગીત વિશ્વમાં લોકોનાં હૃદય પર રાજ કરનાર લતા દીદી સાથે વડાપ્રધાનનો ખાસ સંબંધ હતો. તેઓ તેમને 'નરેન્દ્રભાઈ' કહીને બોલાવતા હતા. 2014ની સામાન્ય ચૂંટણીના બહુ પહેલા લતા દીદીએ કહ્યું હતું, "હું ભગવાનને પ્રાર્થના કરું છું કે આપણે નરેન્દ્રભાઇને વડાપ્રધાન પદ પર જોઈએ." લતા મંગેશકરનું અવસાન માત્ર ભારત જ નહીં, પણ સમગ્ર વિશ્વ માટે કદીયે ન પૂરાય તેવી ખોટ સમાન છે. અટલ બિહારી વાજપેયીના  શાસનકાળમાં ભારત રત્નથી સન્માનિત લતા મંગશકરને રાષ્ટ્રની ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ.**

*વડાપ્રધાન મોદી સાથે લતા દીદીના વિશેષ સંબંધો પરનો લેખ જે નમો એપ પર ઉપલબ્ધ છે....*

લતા દીદી સ્વર્ગલોક માટે પ્રસ્થાન કરી ચૂકી છે. ભારતીય ફિલ્મ ઉદ્યોગના મધુર યુગનો આ અંત છે. તેમનાં સૂરીલા અવાજે દેશભરનાં શ્રોતાઓને ડોલતા કર્યા અને તેમનાં મન મોહી લીધા. પ્રશંસકો તેમને 'સ્વર કોકિલા' તરીકે નવાજતા હતા અને લતા દીદીએ પણ તેમના પ્રશંસકો સાથે અમૂર્ત સંબંધો રાખ્યા.

લતા દીદીને વડાપ્રધાન મોદી સાથે પણ લગાવ હતો. મોદીજી અને લતા દીદીનો જન્મદિવસ પણ એક જ મહિનામાં આવે છે. તેઓ વડાપ્રધાનને પ્રેમથી નરેન્દ્રભાઇ કહીને બોલાવતાં હતાં. વર્ષ 2013માં જ્યારે વડાપ્રધાન મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે લતા દીદી અને તેમના પરિવારજનોએ પૂણેમાં એક સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલના ઉદઘાટન માટે તેમને આમંત્રણ આપ્યું હતું. હોસ્પિટલ લતા દીદીનાં હૃદયની ખૂબ નજીક હતી કારણ કે તેમણે પિતા દીનાનાથ મંગેશકરની યાદમાં બનાવી હતી. કાર્યક્રમ દરમિયાન લતા દીદીએ કહ્યું કે "હું ભગવાનને પ્રાર્થના કરું છું કે આપણે નરેન્દ્રભાઇને વડાપ્રધાન તરીકે જોઇએ."

તેઓ દર વર્ષે રક્ષાબંધનના પ્રસંગે પોતાના 'નરેન્દ્રભાઈ'ને શુભકામનાઓ આપતા હતા. પોતાના વીડિયો સંદેશમાં લતા દીદીએ એ અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું કે તેઓ કોવિડ મહામારીને કારણે પીએમ મોદીને રાખડી ન મોકલી શક્યા. તેમણે કહ્યું હતું, "નરેન્દ્રભાઇ, હું રક્ષાબંધન પ્રસંગે તમને અભિનંદન અને પ્રણામ કરું છું. હું રાખડી મોકલી શકી નહીં અને બધાં તેનું કારણ જાણે છે." જેનાં જવાબમાં વડાપ્રધાને કહ્યું હતું કે, "તમારો હાર્દિક સંદેશ અનંત પ્રેરણા અને ઊર્જા આપે છે. તમે સ્વસ્થ રહો અને દીર્ઘાયુ રહો, એ જ મારી ઈશ્વરને પ્રાર્થના છે."

વર્ષ 2019માં મન કી બાતના એક રસપ્રદ એપિસોડમાં પીએમ મોદીએ અમેરિકાના પ્રવાસે જતાં પહેલાં લતા દીદી સાથે કરેલી વાતચીત રજૂ કરી હતી. તેમણે આ વાતચીતને "એક નાના ભાઈની જેમ પોતાની મોટી બહેન સાથે પ્રેમથી વાત કરવા" સમાન ગણાવી હતી.

પીએમ મોદીએ આ વાતચીત દરમિયાન લતા દીદી સાથે પોતાના અંગત સંબંધોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે યાદ કર્યું કે, "મને જ્યારે પણ લતા દીદીને મળવાની તક મળી ત્યારે તેમણે (લતા દીદીએ) હંમેશા ગુજરાતી ભોજન જમાડ્યું હતું."

આ વાતચીતમાં તેઓ કહે છે. ભાગ્યે જ કોઇક એવું હશે જે લતા મંગેશકરજી પ્રત્યે બહુ સન્માન ન ધરાવતા હોય. તેઓ આપણાંમાંથી મોટા ભાગના લોકોથી મોટાં છે અને દેશમાં વિવિધ યુગોનાં સાક્ષી રહ્યાં છે. આપણે તેમને 'દીદી' કહીને સંબોધીએ છીએ. પણ લતાએ જવાબમાં કહ્યું હતું, "તમે (પીએમ મોદી) પોતે પણ નથી જાણતા કે તમે વાસ્તવમાં કોણ છો. મને ખબર છે કે તમારા આવવાથી ભારતની તસવીર




### જ્યારે પિતાએ પ્રથમ વાર ગાતા સાંભળી

લતા મંગેશકરનો જન્મ 28 સપ્ટેમ્બર, 1929નાં રોજ ઇન્દોરમાં થયો હતો. તેમના પિતા દીનાનાથ મંગેશકર પોતે ગાતા હતા અને ડ્રામા કંપની પણ ચલાવતા હતા. સાથે સાથે તેઓ વિદ્યાર્થીઓને સંગીતની તાલીમ પણ આપતા હતા. એક ઇન્ટરવ્યુમાં લતાજીએ કહ્યું હતું, "એક વાર મારા પિતાજી પોતાના શિષ્યને શીખવાડતા હતા. એવામાં તેમને બહાર જવાનું થયું, તો તેમણે પોતાના શિષ્યને કહ્યું, તુ રિયાઝ કર હું આવું છું. હું બાલ્કનીમાં બેઠી બેઠી સાંભળતી હતી. હું તેની પાસે ગઈ અને કહ્યું કે આ બંદિશ તુ ખોટી રીતે ગાઈ રહ્યો છું. મેં તેને એ બંદિશ ગાઈ બતાવી. એટલામાં પિતાજી આવ્યા અને હું ત્યાંથી ભાગી ગઈ. એ વખતે હું માત્ર પાંચ જ વર્ષની હતી અને પિતાજીને નહોતી ખબર કે હું ગાઉં પણ છું. શિષ્ય ગયો પછી પિતાજીએ માને કહ્યું કે આપણા ઘરમાં ગાયિકા બેઠી છે અને આપણે બહારના લોકોને શીખવાડી રહ્યા છીએ. બીજા દિવસે સવારે છ વાગે ઉઠાડીને પિતાજીએ મારા હાથમાં તાનપુરો પકડાવી દીધો."



### અભિનયની શરૂ કરીને ગાયકી સુધી

વર્ષ 1943-44ની વાત છે. કોલ્હાપુરમાં એક ફિલ્મનું શૂટિંગ ચાલી રહ્યું હતું અને એ સમયની જાણીતી ગાયિકા નૂરજહાં ગીતોનાં રેકોર્ડિંગ માટે ત્યાં આવી હતી. એ ફિલ્મમાં એક નાની બાળકી પણ રોલ કરી રહી હતી. ફિલ્મના નિર્માતાએ નૂરજહાં સાથે પરિચય કરાવતા કહ્યું, "આ છોકરી પણ ગીત ગાય છે. નૂરજહાંએ કહ્યું, અચ્છા, તો કંઇક સંભળાવ." લતાએ શાસ્ત્રીય સંગીતથી મઢેલું ગીત ગાયું. નૂરજહાં સાંભળતી રહી અને લતા ગાતી રહી. બાળકીના અવાજથી ખુશ થઈને નૂરજહાંએ કહ્યું, "બહુ સરસ ગાય છે. રિયાઝ કરતી રહેજે." આજીવિકા માટે ફિલ્મોમાં નાના-મોટા રોલ કરનારી આ બાળકી આગળ જતાં સ્વરોની મલ્લિકા લતામંગેશકર તરીકે પ્રસિધ્ધ થઈ.





### દુકાળ પીડિતો માટે મફતમાં શો કર્યો

રાજસ્થાનમાં 1987માં દુકાળ પડ્યો હતો. દુકાળ પીડિતોની મદદ માટે એક સંસ્થા દ્વારા જયપુરના સવાઇ માનસિંઘ સ્ટેડિયમમાં શો રાખવામાં આવ્યો હતો. સંસ્થાની વિનંતીથી લતા મંગેશકરે કોઈ પણ ફી લીધા વિના કાર્યક્રમ કરવાનું સ્વીકાર્યું. પણ એ દિવસે ગુરુવાર હતો અને લતાજી ગુરુવારે ઉપવાસ કરતા હતા અને કોઈ ગીતો ગાતા નહોતા. પણ લોકો માટે થઈને તેમણે આ નિયમ તોડી નાખ્યો. આ શોમાં લતા મંગેશકરે ભુખ્યા પેટે 26 ગીતો ગાયા. ઉપવાસ હોવાથી આખો દિવસ તેમણે કંઇ ખાધું નહોતું. આ શોમાંથી રૂ. 1.01 કરોડની કમાણી થઈ. લતાજીએ આ ભંડોળમાં પોતાની તરફથી પણ ફાળો આપ્યો અને દુકાળ પીડિતોને આપી દીધા.

### પ્રથમ ફિલ્મફેર એવોર્ડ

1958 સુધી ફિલ્મફેર એવોર્ડ્સમાં સર્વશ્રેષ્ઠ ગાયન માટેનાં પુરસ્કાર નહોતા. 1957માં શંકર જયકિશનને શ્રેષ્ઠ સંગીતકારનો એવોર્ડ મળવાનો હતો અને તેમણે લતાજીની પાસે આવીને સમારોહમાં ગીત ગાવા વિનંતી કરી, પણ લતાજીએ ઇનકાર કરતા કહ્યું, હું ફિલ્મફેરમાં ગીત નહીં ગાવું. પુરસ્કાર તમને મળી રહ્યો છે મને નહીં. તેઓ શ્રેષ્ઠ ગાયક કે ગીતકારને પુરસ્કાર નથી આપતા, તો તમારી ઓરકેસ્ટ્રાને કહો કે ગાયક વગર ધૂન વગાડો. હું ફિલ્મફેર માટે ત્યાં સુધી નહી ગાવું જ્યાં સુધી પાર્શ્વગાયક અને ગીતકારો માટે પણ પુરસ્કાર ન આપવામાં આવે. આમ, 1959માં ગાયકો માટે પુરસ્કાર શરૂ થયો, ત્યારે પુરુષ અને મહિલા ગાયકો માટે એક જ કેટેગરી હતી. 1959માં પ્રથમ એવોર્ડ લતાજીએ જ ફિલ્મ મધુમતીના ગીત 'આજા રે પરદેસી' માટે જીત્યો હતો.

### લતાજી રાજ્યસભાના સાંસદ હતા

લતા મંગેશકર વર્ષ 1999થી 2005 સુધી રાજ્યસભાના સાંસદ હતા. તેમને વર્ષ 1999માં રાજ્યસભા (સંસદનું ઉપલું ગૃહ)માં નોમિનેટ કરવામાં આવ્યા હતા. તેમને પ્રતિષ્ઠિત રોયલ આલ્બર્ટ હોલ, લંડનમાં પરફોર્મ કરનાર પ્રથમ ભારતીય હોવાનું ગર્વ છે. ફ્રાન્સ સરકારે તેમને 2007માં પોતાના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'લીજન ઓફ ઓનર'થી સન્માનિત કર્યા હતા. સૌથી વધુ ગીતો રેકોર્ડ કરવા બદલ 2011માં લતા મંગેશકરનું નામ ગિનીઝ બુક ઓફ રેકોર્ડ્સમાં નોંધાયું હતું. લતા મંગેશકરના આ રેકોર્ડને તેમની નાની બહેન અને પ્રસિધ્ધ ગાયિકા આશા ભોંસલેએ તોડ્યો હતો.

### અંતિમ વાર 2019માં ગીત રેકોર્ડ કર્યું હતું

લતા મંગેશકરે પોતાનું અંતિમ ગીત 'સૌગંધ મુઝે ઇસ મિટ્ટીકી' વર્ષ 2019માં રેકોર્ડ કરવામાં આવ્યું હતું. ભારતીય સેના અને રાષ્ટ્રને શ્રધ્ધાંજલિ આપતું ગીત મયૂરેશ પાંડેએ કમ્પોઝ કર્યું હતું. 30 માર્ચ, 2019નાં રોજ આ ગીત રિલીઝ કરવામાં આવ્યું હતું.



બદલાઈ રહી છે અને તેનાથી મને બહુ ખુશી થાય છે." લતા દીદીએ એમ પણ જણાવ્યું કે, તેમણે પોતાના જન્મદિવસે પીએમ મોદીનાં માતાનાં આશીર્વાદ લીધા હતા. લતા દીદી અને પીએમ મોદી એક બીજાને જન્મદિવસની વધામણી આપતા હતા. એક જન્મદિવસ સંદેશમાં તેમણે કહ્યું હતું, "નમસ્કાર નરેન્દ્રભાઇ, તમને જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. ઇશ્વર તમને તમામ કામમાં સફળતા આપે, એ જ મંગળ કામના. તથાસ્તુ." આના જવાબમાં પીએમ મોદીએ કહ્યું હતું. "ધન્યવાદ લતા દીદી. મને ઘણાં વર્ષો સુધી તમારા આશીર્વાદ મેળવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. તેનાથી મને અપાર શક્તિ મળે છે." અભિવાદનના આ આદાનપ્રદાનને જોઇએ તો લતા દીદી અને તેમના નરેન્દ્રભાઇ વચ્ચે પરસ્પર સ્નેહ અને ઉષ્માભર્યા સંબંધો જોઈ શકાય છે.

પીએમ મોદીએ વર્ષ 2021માં લતા દીદીને તેમનાં 92મા જન્મદિવસ પ્રસંગે શુભકામના પાઠવી હતી. તેમણે કહ્યું હતું, "આદરણીય લતા દીદીને જન્મદિવસની શુભેચ્છા. તેમની મધુર વાણી સમગ્ર વિશ્વમાં ગુંજે છે. તેમની વિનમ્રતા અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે તેમના લગાવ બદલ તેમનું સન્માન કરવામાં આવે છે. તેમનાં આશીર્વાદ મારા માટે શક્તિનો સ્રોત છે. હું લતા દીદીનાં દીર્ઘાયુ અને તેમનાં સ્વસ્થ જીવન માટે પ્રાર્થના કરું છું." લતા દીદીનો સ્વર હજુ પણ સમગ્ર દેશમાં ગુંજતો રહેશે. આ વર્ષે બીટિંગ રિટ્રીટ સેરેમનીમાં પીએમ મોદીના કહેવાથી "એ મેરે વતન કે લોગોં" ની ધૂન વગાડવામાં આવી હતી. લતા દીદીએ ગાયેલું આ ગીત પ્રત્યેક ભારતીયના હૃદયમાં દેશભક્તિની ભાવના ભરી દે છે. ●



# આધુનિક ઓડિશાના ઘડવૈયા

જન્મઃ 5 માર્ચ, 1916, મૃત્યુઃ 17 એપ્રિલ, 1997

**એક એવા રાજનેતા જે નાનપણથી જ સાહસિક હતા. મોટાં થઈને પાયલટ બન્યા. તેમણે બે દેશોના સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લીધો હતો. કાશ્મીરમાં પાકિસ્તાન સામેના યુધ્ધમાં જીવ દાવ પર મૂકી દીધો. આઝાદ ભારતમાં રાજકારણમાં સક્રિય થયા. બે વાર મુખ્યમંત્રી અને એક વાર કેન્દ્રીય મંત્રીના પદ પર રહ્યા અને મૃત્યુ થયું ત્યારે તેમના પાર્થિવ શરીરને ત્રણ દેશોનાં રાષ્ટ્રધ્વજથી લપેટવામાં આવ્યું. આ હતા બિજયાનંદ પટનાયક, જેમને દેશ બીજુ પટનાયકના નામે અને આધુનિક ઓડિશાના ઘડવૈયા તરીકે જાણે છે....**

ઓડિશાના ગંજમમાં 5 માર્ચ, 1916નાં રોજ લક્ષ્મી નારાયણ પટનાયક અને આશાલતા દેવીના ઘરે જન્મેલા બીજુએ કટકની મિશન પ્રાઈમરી સ્કુલ અને મિશન ક્રાઈસ્ટ કોલેજિયેટમાંથી પ્રાથમિક શિક્ષણ લીધું હતું. 1927માં રેવેનશો કોલેજમાં ભણ્યા, જ્યાં એક સમયે નેતાજી સુભાષચંદ્ર બોઝ ભણ્યા હતા. તેઓ કોલેજના દિવસોમાં પ્રતિભાશાળી ખેલાડી હતા અને યુનિવર્સિટીની ફુટબોલ, હોકી અને એથ્લેટિક્સ ટીમનું નેતૃત્વ કરતા હતા. તેઓ સતત ત્રણ વર્ષ સુધી સ્પોર્ટ્સ ચેમ્પિયન રહ્યા. તેમણે દિલ્હી ફ્લાઈંગ ક્લબમાંથી પાયલટની તાલીમ લેવા માટે અધવચ્ચેથી અભ્યાસ છોડી દીધો. તેમને બાળપણથી જ વિમાન ઉડાડવાનો શોખ હતો. તાલીમ લીધા પછી તેઓ પ્રાઈવેટ એરલાઈન્સમાં પાયલટ બન્યા. પણ બીજા વિશ્વ યુધ્ધ દરમિયાન રોયલ ઈન્ડિયન એરફોર્સમાં જોડાઈ ગયા.

કહેવાય છે કે બીજા વિશ્વ યુધ્ધ દરમિયાન સોવિયેત સંઘ મુશ્કેલીમાં મૂકાઈ ગયું ત્યારે પટનાયકે ડકોટા વિમાન ચલાવીને દુશ્મન સેના પર બોંબમારો કર્યો હતો. તેમની આ બહાદુરીના ઈનામ રૂપે તેમનું સોવિયત સંઘના સર્વોચ્ચ પુરસ્કાર અને નાગરિકતા આપીને સન્માન કરવામાં આવ્યું. બીજા વિશ્વ યુધ્ધ દરમિયાન રંગુનમાં ફસાયેલા હજારો ભારતીયોને બચાવવાનો શ્રેય પણ તેમને જાય છે. મહાત્મા ગાંધીથી પ્રભાવિત થઈને તેઓ સ્વતંત્રતા સંગ્રામમાં જોડાઈ ગયા. 1947માં આઝાદી મળ્યા પછી તરત જ પાકિસ્તાની આદિવાસીઓએ કાશ્મીરમાં હૂમલો કર્યો ત્યારે ભારતીય સૈનિકોની પ્રથમ ટૂકડી લઈને બીજુ પટનાયક જ શ્રીનગર એરપોર્ટ પર ઉતર્યા હતા. તેમની પાછળ સૈનિકોથી ભરેલા અન્ય વિમાનો પણ ઉતર્યા અને ગમે તે રીતે કાશ્મીરને બચાવવામાં આવ્યું.

બીજુ પટનાયક સાથે ઈન્ડોનેશિયાની એક મહત્વની ઘટના પણ સંકળાયેલી છે. ઈન્ડોનેશિયાએ 1946ના અંતિમ મહિનાઓમાં પોતાના મોટા ભાગના વિસ્તારોને ડચ એટલે કે નેધરલેન્ડ્સનાં કબ્જામાંથી મુક્ત કરાવી લીધા હતા, પણ જુલાઈ, 1947માં ડચોએ ઈન્ડોનેશિયા પર ફરી એક વાર હૂમલો કર્યો. ત્યારે ઈન્ડોનેશિયાના સર્વોચ્ચ નેતા સુકર્ણોને પોતાના મિત્ર જવાહરલાલ નહેરુની યાદ આવી. તેમણે નહેરુને ભારતમાં તાત્કાલિક આશ્રય આપવા વિનંતી કરી. નહેરુએ બીજુ પટનાઈકને જૂના ડકોટા વિમાન સાથે ઈન્ડોનેશિયા મોકલ્યા. ડચ સેનાએ તેમના વિમાનને તોડવાનો પ્રયત્ન કર્યો, પણ બીજુ કોઈ પણ રીતે તત્કાલીન વડાપ્રધાન સજાહીર અને ઉપરાષ્ટ્રપતિ મોહમ્મદ હટ્ટાને બચાવીને દિલ્હી આવી ગયા. આ બહાદુરી બદલ બીજુ બાબુને ઈન્ડોનેશિયાનું માનદ નાગરિકત્વ આપવામાં આવ્યું અને તેમને ઈન્ડોનેશિયાના 'ભૂમિ પુત્ર' સન્માનથી નવાજવામાં આવ્યા. 1996માં તેમને ઈન્ડોનેશિયાના સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર 'બિતાંગ જસા ઉતાન'થી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

સુકર્ણોની પુત્રી મેઘાવતીનું નામકરણ પણ બીજુ પટનાઈકે જ કર્યું હતું. બાદમાં મેઘાવતી ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ બન્યાં. ઈન્ડોનેશિયાએ દિલ્હીમાં પોતાના દૂતાવાસનો એક રૂમ બીજુના નામે કર્યો છે.

તેમણે કલિંગ એરલાઈન્સની શરૂઆત કરી હતી, જે 1953માં ઈન્ડિયન એરલાઈન્સ બની. 50ના દાયકામાં બીજુ રાજકારણમાં આવી ગયા. પહેલાં કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ બન્યા અને 1961માં ઓડિશાના મુખ્યમંત્રી બન્યા. કટોકટીમાં જેલ ગયા, તો 1977માં મોરારજી દેસાઈની સરકારમાં કેન્દ્રીય સ્ટીલ અને ખાણ મંત્રી બન્યા. 1990માં તેમણે જનતા દળની સ્થાપના કરી અને મુખ્યમંત્રી બન્યા. 17 એપ્રિલ, 1997નાં રોજ તેમનું અવસાન થયું. 19 એપ્રિલ, 1997નાં રોજ તેમની અંતિમ યાત્રા નીકળી ત્યારે તેમનાં પાર્થિવ શરીરને ત્રણ દેશો (ભારત, ઈન્ડોનેશિયા અને રશિયા)ના રાષ્ટ્રધ્વજમાં લપેટવામાં આવ્યો હતો. ●

સશક્ત મહિલા સમૃધ્ધ રાષ્ટ્ર

# નારી શક્તિ
## દેશ માટે પ્રેરણાસ્ત્રોત



**यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः**
**यत्रैतास्तु न पूज्यन्ते सर्वास्तत्राफलाः क्रियाः**

*એટલે કે જ્યાં નારીની પૂજા થાય છે ત્યાં દેવતાઓ નિવાસ કરે છે. જ્યાં એવું નથી થતું ત્યાં તમામ કાર્ય નિષ્ફળ જાય છે.*

**ભારતીય સંસ્કૃતિમાં નારી સન્માનની સંપૂર્ણતા માત્ર આ શ્લોક પરથી જ સ્પષ્ટ થઈ જાય છે. મહિલા શક્તિ વગર કોઈ પણ રાષ્ટ્રની કલ્પના પણ ન કરી શકાય. માત્ર નારી ઉત્થાન જ નહીં નારીના નેતૃત્વમાં વિકાસનો અભિગમ છેલ્લાં કેટલાંક વર્ષોમાં રાષ્ટ્ર નીતિ બની છે. આ ઉપરાંત, કેન્દ્ર સરકારના સંવેદનશીલ અભિગમે સમાજમાં લોકોને જાગૃત પણ કર્યા છે અને હવે દિકરીઓ પરિવાર અને દેશનું અભિમાન બની રહી છે. લોકો હવે દીકરીઓને આત્મનિર્ભર ભારતની ઉડાન ભરતી જોવા માંગે છે. એટલાં માટે જ ન્યૂ ઈન્ડિયામાં આજે દેશની દીકરીઓ દરેક ક્ષેત્રમાં અગ્રેસર બની રહી છે. આવો જાણીએ કે આઝાદીના અમૃત મહોત્સવ વર્ષમાં દુનિયા 8 માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ મનાવી રહી છે ત્યારે નવા ભારતમાં મહિલા શક્તિની આકાંક્ષાઓને કઈ રીતે નવી ઉડાન મળી રહી છે તે જાણીએ...**

बेटियों को खिलने दो,
उन्हें हंसने दो, मुस्कराने दो।
उन्हें भी पढ़ने दो,
आसमान अपने नाम करने दो।
संवर उठेगा समाज,
जब बेटियों को मिलेगी शक्ति।
बढ़ेगा देश,
जब साथ होगी आत्मनिर्भर नारी शक्ति।
बेटियों की आगे बढ़ने की ललक
अब पूरी हो रही है।
कुछ कर दिखाने के जज्बे को
अब जमीन मिल रही है।
सेना हो या स्टार्टअप,
ओलंपिक हो या रिसर्च
या फिर आइटी इनोवेशन,
बेटियों का हो रहा है आर्थिक
सशक्तीकरण,
गर्व कर रहा है पूरा राष्ट्र।
हर बंधन हर बाधा को पार करो,
कोई रुकावट तुम्हें नहीं रोक सकती।
देश को नई ऊंचाई पर ले जाएगी
हमारी बेटियों की सामूहिक शक्ति।

આ કવિતા નવા ભારતની અમૃત યાત્રામાં નારી શક્તિનાં પ્રદાનને પ્રસ્તુત કરી રહી છે. સર્વગ્રાહી અભિગમ સાથે મહિલા શક્તિને કેન્દ્રીય ભૂમિકામાં લાવવા માટે કેન્દ્ર સરકારે કરેલા સતત પ્રયાસોનાં પરિણામે આજે રાજપથ પર ગણતંત્ર દિવસની પરેડ હોય કે સૌથી આધુનિક લડાકુ વિમાન રાફેલ ઉડાવવાનું હોય, કે મોરચા પર દુશ્મનોનો સામનો કરવાનો હોય કે રમતગમતની દુનિયામાં દેશનું નામ રોશન કરવાનું હોય, કે પછી સ્વરોજગારની તકોનો લાભ ઉઠાવીને બરાબરી સાથે દેશની આર્થિક પ્રગતિને ટેકો આપવાન હોય, મહિલા શક્તિ પુરુષ સમોવડી બની છે એટલું જ નહીં પણ ઘણી આગળ નીકળીને રાષ્ટ્રનું અભિમાન બની રહી છે. મહિલાઓએ પોતાની અદભૂત ક્ષમતાથી એ સાબિત કરી દીધું છે કે તેમને સમાન તકો મળે તો માત્ર ઘર જ નહીં, એક સમૃધ્ધ અને ગૌરવશાળી રાષ્ટ્રનું નિર્માણ પણ કરી શકે છે.

આઈએમએફના અહેવાલ પ્રમાણે વર્કફોર્સમાં મહિલાઓની કામગીરીને પણ સામેલ કરવામાં આવે તો જીડીપીમાં 27 ટકાનો વધારો થઈ શકે છે. 50 ટકા કુશળ મહિલાઓ વર્કફોર્સમાં સામેલ થાય તો વાર્ષિક વિકાસ દર 1.5 ટકા વધીને 9 ટકા થઈ શકે છે. નવા ભારતમાં મહિલાઓને વર્ક ફોર્સમાં સામેલ કરવાની જરૂર છે, એટલા માટે કેન્દ્ર સરકાર મહિલાઓને સમાન તકો અને સલામત વાતાવરણ પૂરું પાડવા માટે નવા સંકલ્પો સાથે નવી નવી પહેલ કરી રહી છે. સરકાર એ સુનિશ્ચિત કરે છે કે તેની યોજનાઓ માત્ર કાગળ પર ન રહે અને તેનો વાસ્તવિક અમલ થાય અને મહિલાઓનાં જીવનમાં પરિવર્તન આવે. 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ ઔર સબકા પ્રયાસ' અમૃત મહોત્સવમાં નવા ભારતનો સિધ્ધાંત છે. આ જ ફરજ નિષ્ઠાથી કરોડો દેશવાસીઓ આજે સ્વર્ણિમ ભારતનો પાયો નાખી રહ્યા છે. લોકોથી જ રાષ્ટ્રનું અસ્તિત્વ બને છે અને રાષ્ટ્રથી જ આપણું અસ્તિત્વ છે. નવા ભારતના નિર્માણમાં આ લાગણી ભારતવાસીઓની સૌથી મોટી તાકાત બની રહી છે. કેન્દ્ર સરકારના પ્રયાસો દ્વારા એક એવી વ્યવસ્થાનું નિર્માણ થઈ રહ્યું છે, જેમાં ભેદભાવ માટે કોઈ અવકાશ

# સામાન્ય બજેટમાં નારી શક્તિ માટે નવી પહેલ




નથી. એક એવા સમાજનું નિર્માણ થઈ રહ્યું છે જ્યાં સમાનતા અને સામાજિક ન્યાયનો પાયો મજબૂત થઈ રહ્યો છે.

**મહિલા સશક્તિકરણઃ નવો અધ્યાય, નવાં પરિમાણ**

એક સમય હતો જ્યારે દેશમાં મહિલા સશક્તિકરણ અંગે સંકુચિત ખ્યાલ રાખવામાં આવ્યો હતો. ગામડાં અને ગરીબ પરિવારોનાં સશક્તિકરણ પર ભાગ્યે જ ધ્યાન આપવામાં આવ્યું હતું. પણ છેલ્લાં કેટલાંક વર્ષોમાં આ ભેદભાવ ખતમ કરવા માટે કેન્દ્ર સરકારે કામ કર્યું છે. આજે મહિલા સશક્તિકરણનો ચહેરો એ 9 કરોડ ગરીબ મહિલાઓ પણ છે, જેમને પ્રથમ વાર ગેસ કનેક્શન મળ્યું છે અને ધુમાડાયુક્ત રસોડામાંથી છૂટકારો મળ્યો છે. આજે મહિલા સશક્તિકરણનો ચહેરો એ કરોડો માતાઓ અને બહેનો પણ છે, જેમને સ્વચ્છ ભારત મિશન અંતર્ગત તેમનાં ઘરમાં શૌચાલય મળ્યા છે. ઉત્તરપ્રદેશમાં તેને 'ઇજ્જત ઘર' કહેવામાં આવે છે. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત તેમને પાકા મકાન જ નહીં, તેનો માલિકી હક પણ મળ્યો છે એ મહિલાઓનું સશક્તિકરણ થયું છે. આ રીતે, કરોડો મહિલાઓને ગર્ભાવસ્થા અને પ્રસૂતિ સમયે મદદ મળે છે, કરોડો મહિલાઓનાં પોતાના જનધન બેન્ક ખાતા છે અને હવે સરકારની સબસિડી સીધી મહિલાઓના ખાતામાં જાય છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે, "વિશ્વમાં જ્યારે અજ્ઞાન હતું અને મહિલાઓને અન્યાય થતો હતો ત્યારે ભારત દેવીના રૂપમાં માતૃશક્તિની પૂજા કરતો હતો. આપણે ત્યાં ગાર્ગી, મૈત્રી, અનસૂયા, અરૂંધતિ અને મદાલસા જેવી વિદૂષીઓ સમાજને જ્ઞાન આપતી હતી. મધ્યયુગમાં પણ ભારતમાં પન્નાધાય અને મીરા બાઇ જેવી મહાન નારીઓ થઈ. અમૃત મહોત્સવમાં દેશ જે સ્વાધિનતા સંગ્રામના ઇતિહાસને યાદ કરી રહ્યો છે તેમાં પણ કેટલી બધી મહિલાઓએ બલિદાન આપ્યા છે. કિત્તૂરની રાણી ચેનમ્મા, મતંગિની હાજરા, રાણી લક્ષ્મીબાઈ, વીરાંગના ઝલકારી બાઈથી માંડીને સામાજિક ક્ષેત્રમાં અહલ્યાબાઈ હોળકર અને સાવિત્રીબાઇ ફુલે સુધીની મહિલાઓએ ભારતની ઓળખ જાળવી રાખી."

**આત્મનિર્ભર ભારતના કેન્દ્રમાં નારી**

ભારતની નારી શક્તિનો આત્મવિશ્વાસ વધ્યો છે અને હવે તે જાતે પોતાનું ભવિષ્ય નક્કી કરીને દેશનાં ભવિષ્યને દિશા આપી રહી છે. પહેલાં જ્યારે બિઝનેસની વાત થતી હતી, ત્યારે તેનો એવો અર્થ કાઢવામાં આવતો હતો કે મોટા કોર્પોરેટ અને પુરુષોના કામની વાત જ થઈ રહી છે. પણ, હકીકત એ છે કે સદીઓથી એમએસએમઈના રૂપમાં સ્થાનિક ઉદ્યોગ જ ભારતની તાકાત રહ્યો છે. આ ઉદ્યોગોમાં

જેટલી ભૂમિકા પુરુષોની હોય છે, તેટલી જ મહિલાઓની પણ હોય છે. ટેક્સટાઇલ ઉદ્યોગ હોય કે પોટરી, કૃષિ હોય કે ડેરી પ્રોડક્ટ્સ ઉદ્યોગ, તેનો આધાર મહિલાશક્તિ અને મહિલા કૌશલ્ય જ છે. રૂઢિચુસ્ત લોકોએ મહિલાઓના કૌશલ્યને ઘરેલુ કામકાજનો વિષય માની લીધો હતો. દેશના અર્થતંત્રને આગળ ધપાવવા માટે આ જૂની વિચારધારાને બદલવાની જરૂર છે. મેક ઇન ઇન્ડિયા આજે એ જ કામ કરી રહ્યું છે. આત્મનિર્ભર ભારત અભિયાન મહિલાઓની આ ક્ષમતાને દેશના વિકાસ સાથે જોડી રહ્યું છે. તેનું એ પરિણામ આવ્યું કે, આજે મુદ્રા યોજનાની આશરે 70 ટકા લાભાર્થી મહિલાઓ છે. આ યોજના દ્વારા કરોડો મહિલાઓએ પોતાનું કામ શરૂ કર્યું છે અને બીજાઓને પણ રોજગાર આપી રહી છે. આ જ રીતે, મહિલાઓના સ્વ-સહાય જૂથો દ્વારા ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે દીનદયાલ અંત્યોદય યોજના ચલાવવામાં આવી રહી છે. દેશની મહિલાઓનો ઉત્સાહ અને સામર્થ્ય એટલું છે કે છેલ્લાં 6-7 વર્ષોમાં સ્વ-સહાય જૂથોની સંખ્યા ત્રણ ગણી વધી ગઈ છે. આવી જ પ્રગતિ ભારતના સ્ટાર્ટઅપ ઇકો-સિસ્ટમમાં પણ જોવા મળી રહી છે. વર્ષ 2016માં દેશમાં 56 અલગ-અલગ સેક્ટર્સમાં 60,000થી વધુ નવા સ્ટાર્ટઅપ બન્યા છે. આમાંથી 45 ટકામાં ઓછામાં ઓછી એક ડિરેક્ટર મહિલા છે.

**સમાન તકોથી સ્થિતિ બદલાઈ**

સન્માન અને સમાન તકો મળે તો મહિલા શક્તિનું યોગદાન કેટલું મોટું હોઈ શકે છે તેની ઝલક દેખાવાનું શરૂ થઈ ગયું છે. બેટી બચાઓ, બેટી પઢાઓ, સુકન્યા સમૃધ્ધિ જેવી યોજનાઓને કારણે સેક્સ રેશિયોમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે. પ્રથમ વાર એક હજાર પુરુષોની સરખામણીમાં મહિલાઓની સંખ્યા 1020 થઈ છે. શાળાઓમાંથી યુવતીઓનો ડ્રોપ આઉટ દર ઓછો થયો છે, કારણ કે આ અભિયાનો સાથે મહિલાઓ જાતે જોડાઈ છે. ભારતની માટીમાં એ દમ છે સ્ત્રી કોઇ નિર્ધાર કરે તો તેને પુરો કરીને જ ઝંપે છે. નાની ઉંમરમાં લગ્નથી દીકરીઓના અભ્યાસ પર અસર ન થાય તે માટે તેમનાં લગ્નની ઉંમર 21 વર્ષ કરવાની સરકારની યોજના છે. સાત વર્ષ પહેલાં 'બેટી બચાવો બેટી પઢાઓ'નો શુભારંભ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું, "ભારતનો વડાપ્રધાન એક ભિક્ષુક બનીને તમારી સમક્ષ દીકરીઓની જિંદગીની ભીખ માંગી રહ્યો છે. દીકરીઓને પરિવારનું ગર્વ માનો, રાષ્ટ્રનું સન્માન માનો. તમે જૂઓ કે આપણે આ અસંતુલનમાંથી બહુ ઝડપથી બહાર આવી રહ્યા છીએ. દીકરો અને દિકરી બંને એવી પાંખો છે જેના વગર જીવનની ઊંચાઇઓને હાંસલ કરવાની કોઈ સંભાવના નથી. તેથી ઊંચી ઉડાન ભરવી હોય તો દીકરો અને દિકરી એમ બંને પાંખો હોય તો જ સપના પૂરા થશે." અમૃત મહોત્સવના વર્ષમાં પ્રસિદ્ધ થયેલો રાષ્ટ્રીય પરિવાર આરોગ્ય સર્વેક્ષણ રિપોર્ટ જણાવે છે કે સેક્સ રેશિયોમાં ઐતિહાસિક પરિવર્તન (1000 પુરુષોની સામે 1020 મહિલાઓ) આવ્યું છે. અમૃત મહોત્સવ વર્ષમાં દેશ લાખો સ્વતંત્રતા સેનાનીઓ સાથે આઝાદીની લડાઈમાં નારી શક્તિના મહત્વપૂર્ણ યોગદાનને યાદ કરીને તેમનાં સપનાને સાકાર કરવા પ્રયાસ કરી રહ્યો છે. તેથી, આજે સૈનિક સ્કુલોમાં અભ્યાસ કરવાનું દીકરીઓનું સ્વપ્ન પૂરું થઈ રહ્યું છે, હવે દેશની કોઈ પણ દીકરી, રાષ્ટ્રની સલામતી માટે સેનામાં જઈને મહત્વની જવાબદારીઓ ઉઠાવી શકે છે. મહિલાઓનું જીવન અને કારકીર્દિ બંને એક સાથે ચાલે, તે માટે સૌથી વધુ મેટરનિટી લીવ આપનારા દેશોમાં ભારતનો પણ સમાવેશ થાય છે. દેશના લોકતંત્રમાં પણ મહિલાઓની ભાગીદારી વધી રહી છે. 2019ની ચૂંટણીમાં પુરુષો કરતા મહિલાઓએ વધુ મતદાન કર્યું હતું. દેશની સરકારમાં મોટી મોટી જવાબદારીઓ મહિલા મંત્રી સંભાળી રહી છે. આ પરિવર્તન એ વાતનો સંકેત છે કે નવું ભારત કેવું હશે, કેટલું શક્તિશાળી હશે.




**દેશભરમાં 8,000થી વધુ જન ઔષધિ કેન્દ્રોના માધ્યમથી માત્ર એક રૂપિયામાં સેનેટરી નેપકિન ઉપલબ્ધ કરવામાં આવી રહ્યા છે.**

નવા ભારતના વિકાસ ચક્રમાં મહિલાઓની ભાગીદારી સતત વધી રહી છે. છેલ્લાં સાત વર્ષમાં સરકારે તેનાં પર વધુ ભાર મૂક્યો છે. પ્રતિષ્ઠીત પદ્મ પુરસ્કારોમાં મહિલાઓની વધતી ભાગીદારી તેનું વધુ એક ઉદાહરણ છે. 2015થી લઈને અત્યાર સુધી 185 મહિલાઓને તેમના અભૂતપુર્વ કાર્યો બદલ પદ્મ પુરસ્કાર આપવામાં આવ્યા છે. આ વર્ષે પણ વિવિધ ક્ષેત્રમાં કામ કરનારી મહિલાઓને 34 પદ્મ પુરસ્કાર મળ્યા છે. આ એક વિક્રમ છે. અત્યાર સુધી ક્યારેય આટલી મહિલાઓને પદ્મ સન્માન મળ્યું નથી. આ જ રીતે, રમતગમતમાં પણ ભારતની દીકરીઓ વિશ્વમાં કમાલ કરી રહી છે અને ઓલિમ્પિકમાં પણ દેશ માટે મેડલ જીતી રહી છે. કોવિડ



**મેટરનિટી લીવને વધારીને 26 હપ્તા કરવામાં આવી છે. આ ઉપરાંત ઓફિસમાં ઘોડિયાઘરને ફરજિયાત કરવામાં આવ્યું છે, જેથી નોકરિયાત મહિલાઓને કોઈ મુશ્કેલી ન પડે.**

મહામારી વિરુધ્ધ દેશે આટલી મોટી લડાઈ લડી, તેમાં પણ નર્સ, ડોક્ટર્સ અને મહિલા વૈજ્ઞાનિકોએ મોટી ભૂમિકા નિભાવી.

**મહિલા સલામતીઃ કાનૂની કવચ**

2014માં કેન્દ્રમાં નવી સરકાર બન્યા બાદ રાષ્ટ્રીય સ્તર પર મહિલા સલામતી માટેનાં અનેક પ્રયાસ કરવામાં આવ્યા. આજે દેશમાં મહિલાઓ વિરુધ્ધ ગુનાઓ અંગેના કડક કાયદાઓ છે, બળાત્કાર જેવા જઘન્ય કેસોમાં ફાંસીની પણ જોગવાઈ કરવામાં આવી છે. દેશભરમાં ફાસ્ટ ટ્રેક કોર્ટ પણ બનાવવામાં આવી રહી છે અને કાયદાઓનું કડકાઈથી પાલન કરાવવા માટેની વ્યવસ્થા પણ સુધારવામાં આવી રહી છે. પોલિસ મથકોમાં મહિલા સહાયતા ડેસ્કની સંખ્યામાં વધારો, ચોવીસ કલાક ચાલુ રહેતી હેલ્પલાઈન, સાઈબર ક્રાઈમનો સામનો કરવા માટે પોર્ટલ જેવા અનેક પગલાંઓ મહિલાઓ માટે સુરક્ષા કવચ બની રહ્યા છે. એક સમય એવો પણ હતો જ્યારે આપણે નિર્ભયા કાંડ જેવી કમનસીબ ઘટના જોઈ, પણ હવે વર્તમાન કેન્દ્ર સરકાર મહિલાઓ વિરુધ્ધ ગુનાઓમાં 'ઝીરો ટોલરન્સ' નીતિ પર કામ કરી રહી છે. ટ્રિપલ તલાક જેવી સદીઓ જૂની કુપ્રથામાંથી મહિલાઓની આઝાદી અપાવીને તેમને સંરક્ષણ અને લડવાની શક્તિ આપી છે. આ કાયદાનું મહત્વ એ બાબત પરથી આંકી શકાય કે તેનો અમલ થયા પછીના માત્ર બે વર્ષમાં જ ટ્રિપલ તલાકના કેસોમાં 80થી 82 ટકાનો ઘટાડો થયો છે, જે મુસ્લિમ મહિલાઓને આત્મસન્માન અને સલામતી લાગણી આપે છે. કિશોરીઓ હોય કે યુવતીઓ, મહિલાઓ હોય કે વડીલ માતાઓ, તેઓ આજે લડવાનું સાહસ કરી રહી છે તો તેનું કારણ છે છેલ્લાં કેટલાંક વર્ષોમાં સામાજિક નિષેધ તોડીને કરવામાં આવેલી નવી પહેલ, જેને કારણે દરેક મહિલા પોતાના અધિકારો પ્રત્યે સજાગ બની રહી છે. મહિલાઓ વિરુધ્ધ થનારી હિંસાના કેસોમાં કાનૂની જોગવાઈઓને એટલી કડક બનાવવામાં આવી છે કે બળાત્કાર જેવા કેસો વર્ષો સુધી પેન્ડિંગ રહેવાને બદલે ગણતરીના દિવસોમાં ન્યાય મળી રહ્યો છે. કુરિવાજો વિરુધ્ધ પગલાં અને મહિલાઓ સાથે થતી હિંસા સામે કેન્દ્ર સરકારના કડક પગલાંઓએ પણ નારી શક્તિને સલામત વાતાવરણ પૂરું પાડ્યું છે, જે રાષ્ટ્રની પ્રગતિનો આધાર બની રહ્યો છે. સરકારી યોજનાઓ દ્વારા મહિલાઓને કાનૂની સંરક્ષણ મળ્યું છે એટલું જ નહીં પણ સરકારે તેમનાં આત્મસન્માન માટે અભિયાન ચલાવ્યું છે. કેન્દ્ર સરકારની મોટા ભાગની યોજનાઓ દ્વારા પરિવારની મહિલાઓને જ કેન્દ્રમાં રાખીને દસ્તાવેજ કરવામાં આવે છે. પહેલા જમ્મુ કાશ્મીરમાં બિનકાશ્મીરી સાથે લગ્ન કરનાર મહિલાઓ અને બાળકોને પૈતૃક સંપત્તિના અધિકારથી વંચિત રાખવામાં આવતી હતી, પણ કલમ 370ની નાબૂદી બાદ રાજ્યની માહિલાઓને તેમનો હક મળ્યો છે. પ્રવાસી ભારતીયો દ્વારા લગ્ન કરીને તરછોડી દેવાના કેસોમાં પણ કાયદાને કડક બનાવવામાં આવ્યો છે.

8 માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પ્રસંગે નારી શક્તિ પર આ અંકની કવર સ્ટોરી પ્રસ્તુત છે. મહિલા સશક્તિકરણની દિશામાં ભારતની લક્ષ્મી હવે પરિવાર અને સમાજની સાથે સાથે રાષ્ટ્રનું ગૌરવ બની રહી છે તેનાં કેટલાંક ઉદાહરણો આગળના પાના પર રજૂ કરવામાં આવ્યા છે.



# કાશ્મીરની નમદા હસ્તકળામાં નવો પ્રાણ ફૂંક્યો

# આરિફા જાન

અત્યાર સુધી કાશ્મીરમાં મહિલાઓ પડદા પાછળ રહીને જ જિંદગી જીવતી હતી, પણ આરિફાનો ચહેરો એ કાશ્મીરનું ચિત્ર દર્શાવે છે, જ્યાં મહિલાઓ આઝાદીની સાથે સફળતાની નવી ગાથા રચી રહી છે. આરિફાની કહાની શ્રીનગરની એક સાંકડી ગલીમાંથી શરૂ થાય છે, જ્યાં તે એક સપનું જૂએ છે. આરિફા જાને સાત વર્ષ પહેલાં ક્રાફ્ટ મેનેજમેન્ટનો કોર્સ કર્યો હતો. એ પછી તે બજારમાંથી વેચાતી બંધ થઈ ગયેલી કાશ્મીરની નમદા જાજમ (કાર્પેટ)ને ફરીથી બજારમાં લાવવાના મિશનમાં જોડાઈ ગઈ. નમદા ઉનમાંથી બનેલી જાજમ છે. કાશ્મીર યુનિવર્સિટીમાંથી કોમર્સમાં ગ્રેજ્યુએશન કર્યા બાદ તેણે બે વર્ષનો ક્રાફ્ટ મેનેજમેન્ટનો કોર્સ કર્યો. પણ તેની પાસે વધુ અભ્યાસ કરવા માટે પૈસા નહોતા. તેણે માર્કેટમાં નવા ટ્રેન્ડ જોયા. નવી ડિઝાઇન બનાવી અને નવી દિલ્હીમાં આયોજિત પ્રદર્શનમાં હાથમાંથી બનાવેલી નમદા જાજમ પ્રદર્શિત કરી. તેનાં માટે આ ટર્નિંગ પોઇન્ટ હતો. તેણે વણકરો સાથે કામ કર્યું અને નમદા જાજમની નવી નવી ડિઝાઇનો બનાવી. પહેલાં વણકરોને આ કામ કરવા માટે રૂ. 175 મળતા હતા, પણ આરિફાએ તેમની મજૂરી વધારીને રૂ. 450 કરી આપી. નમદા જાજમ લોકપ્રિય થવા માંડી અને અમેરિકાએ પણ તેની પ્રશંસા કરી. આજે વિદેશોમાં પણ તેણે બનાવેલી જાજમની માંગ છે.

### સિડબી અથવા મુદ્રા લોન દ્વારા નવી ઉડાન ભરો

ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બેન્ક (SIDBI) એમએસએમઇને બિઝનેસ લોન માટે ખાસ મદદ કરે છે. પ્રધાનમંત્રી મુદ્રા લોન યોજના અંતર્ગત પણ રૂ. 50,000થી રૂ. 10 લાખ સુધીની લોન મળી શકે છે. વધુ માહિતી https://sidbi.in/hi અને https://www.mudra.org.in પર ઉપલબ્ધ છે.

### દૂરવર્તી શિક્ષણ

100 પુરુષોની સરખામણીમાં પીએચડીમા 130, એમફિલમાં 109, સ્નાતકોત્તરમાં 122, ડિપ્લોમામાં 104 અને ઈન્ટિગ્રેટેડમાં 376 મહિલાઓ છે.

### જનધન

**55%**

થી વધુ જનધન બેન્ક ખાતા મહિલાઓના છે

### બેટી બચાઓ, બેટી પઢાઓ

**15%**

થી વધુ વધારો થયો છે 10 વર્ષ કે તેનાથી વધુ શિક્ષણ મેળવનારી છોકરીઓની સંખ્યામાં. 2015માં યોજના શરૂ થયા બાદ



# વારાણસીના ગંગા ઘાટોને નવજીવન બક્ષનાર
# તેમસુતુલા ઇમસોંગ

તમને તમારી આજુબાજુમાં ગંદકી જોઈને વહીવટીતંત્ર પર ખૂબ ગુસ્સો આવતો હશે. પણ તેમસુતુલા ઇમસોંગ એવાં જૂજ લોકોમાં છે જેમણે ગંદકી જોઈને વહીવટીતંત્ર અને સરકારની ટીકા કરવાને બદલે સફાઇનું કામ જાતે ઉપાડી લીધું. આ કામમાં તેમને દર્શિકા શાહનો પણ સાથ મળ્યો. મુળ નાગાલેન્ડનાં રહેવાસી તેમસુતુલા નિઃસ્વાર્થ ભાવે વારાણસીમાં ગંગા ઘાટોની સફાઈ કરી રહ્યાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાની એક ટ્વિટમાં તેમનું નામ લીધું ત્યારે લોકોને તેમનાં આ ઉમદા કામ અંગે જાણ થઈ. કોલેજનો અભ્યાસ પૂરો કર્યા પછી તેમસુતુલાએ સાકાર સેવા સમિતિ નામના બિન સરકારી સંગઠન (NGO)ની સ્થાપના કરી. પ્રારંભમાં તેઓ દિલ્હીથી કામ કરતા હતા, પણ પછીથી વારાણસી જતા રહ્યાં. વર્ષ 2013માં વારાણસી શહેરથી દૂર આવેલા શૂલ ટંકેશ્વર ઘાટથી સફાઈનું કામ શરૂ કર્યું અને આ રીતે એક અભિયાનની શરૂઆત થઈ. એ પછી તેમણે પ્રભુઘાટની સફાઈનું કામ હાથમાં લીધું અને તેને પણ ચમકાવી દીધો. પ્રથમ દિવસે તેઓ પ્રભુઘાટની સફાઈ કરવા ગયા ત્યાં એટલી ખરાબ સ્થિતિ હતી કે બે મિનિટ પણ ઊભાં રહી શકાય તેવું નહોતું. બધી જગ્યાએ મળ પડેલું હતું. તેમણે માંડ માંડ સફાઈ કરી. પણ બીજા દિવસે લોકોએ ફરી ગંદકી ફેલાવી દીધી. તે લોકોને રોકતાં તો લોકો ધમકાવતાં કહેતાં, તુ કોણ છે અમને રોકનાર.? પણ તેમસુતુલા અને તેમની ટીમે હાર ન માની. તેમસુતુલાનાં કામથી પ્રભાવિત થઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જુલાઇ 2015માં તેમને વડાપ્રધાન કાર્યાલયમાં પણ બોલાવ્યાં હતાં.

**સુકન્યા સમૃદ્ધિ**

**80,509**

કરોડ રૂપિયાથી વધુની રકમ 2.26 કરોડ સુકન્યા ખાતામાં ઓક્ટોબર 2021 સુધી જમા કર્યા છે

**19,500**

થી વધુ ગામોને સંપૂર્ણ સુકન્યા ગ્રામ જાહેર કરવામાં આવ્યા

**ડ્રોપઆઉટમાં ઘટાડો, પ્રવેશમાં વધારો**

**33%**

નો વધારો છોકરીઓના ગ્રોસ એનરોલમેન્ટ રેશિયોમાં

**લિંગ ગુણોત્તર**

1020 થઈ મહિલાઓની સંખ્યા પ્રથમ વાર પ્રતિ એક હજાર પુરુષોની સરખામણીમાં



# ઓડિશામાં તાંત્રિકને બદલે ડોક્ટર પાસે જવા માટે જાગૃતિ ફેલાવનાર મતિલ્દા કુલ્લુ

ગયા વર્ષે ફોર્બ્સ ઈન્ડિયાએ શક્તિશાળી મહિલાઓની યાદી પ્રસિધ્ધ કરી ત્યારે તેમાં સામેલ મતિલ્દા કુલ્લુના નામે સમગ્ર દેશનું ધ્યાન ખેંચ્યું. ઓડિશાના સુંદરગઢ જિલ્લાનાં રહેવાસી મતિલ્દા આશા વર્કર છે. પોતાના વિસ્તારમાં 'આશા દીદી'નાં નામે જાણીતા મતિલ્દા 15 વર્ષ પહેલાં આશા વર્કર બન્યા. તેમણે જોયું કે ગામનાં લોકો બિમાર પડે ત્યારે ડોક્ટર પાસે જવાને બદલે 'કાળો જાદૂ' કરનાર તાંત્રિક પાસે જતા હતા. તેઓ ગામના લોકોને બિમારીની સારવાર કરાવવા હોસ્પિટલ જવાની સલાહ આપતા તો લોકો તેમની મજાક ઉડાવતા, પણ તેમણે હાર ન માની. કોઈ પણ બિમારીની સારવાર માટે જરૂરી ઉપચાર અને દવાઓ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવીને લોકોની માનસિકતા બદલવામાં તેમણે મહત્વની ભૂમિકા નિભાવી. ગામના લોકો હવે તાંત્રિક પાસે જવાને બદલે ડોક્ટર પાસે જાય છે. કોવિડ-19 મહામારી ફેલાઈ ત્યારે મતિલ્દાનું કામ વધી ગયું. બડાગાંવ તાલુકાના ગરબડબહલ ગામમાં તેમણે 964 લોકોની સારવાર કરી. સવારે પાંચ વાગે તેમનો દિવસ શરૂ થાય છે. ઘરનું કામ પૂરું કરીને ચાર લોકો માટે ભોજન બનાવ્યા બાદ પશુઓને ચારો નાખીને તેઓ સાયકલ પર નીકળી પડે છે. તેઓ ઘેર ઘેર જઈને લોકો પાસેથી આરોગ્યની માહિતી મેળવે છે. આ ઉપરાંત, મહિલાઓને નવજાત બાળકો અને કિશોરીઓનું રસીકરણ, પ્રસૂતિ પહેલાંની તપાસ, પ્રસૂતિની તૈયારી, ગર્ભવતી મહિલાઓને પૌષ્ટિક આહાર વગેરેની સલાહ આપે છે.

### સ્ટાર્ટઅપ ઈન્ડિયા

11 માંથી 5 સ્ટાર્ટઅપનું નેતૃત્વ મહિલા પાસે છે, જેમાં ઓછાંમાં ઓછી એક મહિલા ડિરેક્ટર છે.

### સ્ટેન્ડ અપ ઈન્ડિયા

**83%**

ઋણ સ્ટેન્ડ અપ ઈન્ડિયા યોજના અંતર્ગત મહિલા ઉદ્યોગ સાહસિકોને મળ્યું

### નાગરિક ઉડ્ડયન

15% કમર્શિયલ પાયલટ મહિલા છે ભારતમાં. આંતરરાષ્ટ્રીય સરેરાશ-5%થી ઘણી વધુ.

### લગ્નની ઉંમર

**મહિલાઓની લગ્નની ઉંમર 18થી વધારીને 21 વર્ષ કરવા માટે લોકસભામાં બાળ લગ્ન પ્રતિબંધ (સુધારો) કાયદો રજૂ કરવામાં આવ્યો.**



# મોહના, ભાવના, અવની
## મહિલા પાયલટની ગગનચૂંબી સફળતા

ભારતીય વાયુ સેનામાં મહિલાઓ લાંબા સમયથી સામેલ રહી છે, પણ તેમને લડાકુ ભૂમિકાઓથી હંમેશા દૂર રાખવામાં આવી. જો કે જૂન, 2016માં નવો ઈતિહાસ લખવામાં આવ્યો, જ્યારે ફ્લાઈંગ ઓફિસર મોહના સિંહ, ફ્લાઈંગ ઓફિસર ભાવના કંઠ અને ફ્લાઈંગ ઓફિસર અવની ચતુર્વેદીએ સંયુક્ત સ્નાતક પરેડમાં ભાગ લઈને મહિલા લડાકુ પાયલટ બનવાનું ગૌરવ હાંસલ કર્યું. સશસ્ત્ર દળોએ મહિલાઓને મહત્વપૂર્ણ ભૂમિકા આપીને દેશનું ગૌરવ વધાર્યું છે એટલું જ નહીં, લાખો દીકરીઓ માટે માર્ગ પણ ચિંધ્યો છે. 2018માં ફ્લાઈંગ ઓફિસર અવની ચતુર્વેદીએ મિગ-21 બાઈસન વિમાન ઉડાડનાર દેશની પ્રથમ મહિલા ફાઈટર બની ગઈ. રાજસ્થાનની નિવાસી મોહન સિંહના પિતા અને દાદાએ પણ દેશની સલામતી માટે સેવા આપી હતી, જેનાં પરથી મોહનાને પ્રેરણા મળી, તો મધ્યપ્રદેશના સતનામાં રહેતી અવનીએ ફ્લાઈંગ ઓફિસર ક્લબમાં વિમાન ઉડાડ્યા બાદ વાયુસેનામાં આવવાનો નિર્ણય કર્યો. બિહારમાં દરભંગામાં રહેતી ભાવના કંઠ આકાશને ચૂમવા માંગતી હતી. આ ત્રણેય મહિલા પાયલટની સફળતા બાદ સંરક્ષણ મંત્રાલયે ભારતીય વાયુ સેનામાં મહિલા લડાકુ પાયલટની પ્રાથમિક યોજનાને કાયમી યોજનામાં બદલવાનો નિર્ણય કર્યો. વધુ એક મહત્વનાં પગલાંમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુવતીઓના પ્રવેશ માટે અત્યાર સુધી બંધ રહેલી સૈનિક સ્કુલના દરવાજા ખોલવાની શરૂઆત કરી, તો આ વર્ષથી જ રાષ્ટ્રીય સંરક્ષણ એકેડેમીમાં મહિલાઓના પ્રવેશને મંજૂરી આપીને નારી શક્તિને નવા ભારતના કેન્દ્રમાં મૂકવાના સંકલ્પની શરૂઆત થઈ છે.

### ઓએસસી
વન સ્ટોપ સેન્ટર યોજના અંતર્ગત 54 લાખથી વધુ મહિલાઓને મદદ પૂરી પાડવામાં આવી

### ઈનોવેશન-રિસર્ચ
16 મહિલા ટેકનોલોજી પાર્ક ઈનોવેશન અને વિજ્ઞાન શીખવા માટે મહિલાઓને નવી તકો આપી રહ્યા છે. આ ક્ષેત્રમાં કિરણ સ્કોલરશીપ મહિલા વૈજ્ઞાનિકો માટે મદદરૂપ સાબિત થઈ છે.

### પોષણ
પૂરક પોષણનું રિયલ ટાઈમ મોનિટરીંગ સુનિશ્ચિત કરવા માટે પોષણ ટ્રેકર લોંચ કરવામાં આવ્યું. 100% રિફાઈન્ડ ચોખા વિતરીત કરવાનો નિર્ણય.

### માતૃવંદના યોજના
ગર્ભવતી અને સ્તનપાન કરાવતી બે કરોડથી વધુ મહિલાઓને અત્યાર સુધી આ યોજનાનો લાભ મળ્યો છે



# દરેક અનાથ બાળક માટે મમતાની મૂર્તિ સિંધુ તાઈ

આપણા દેશમાં માતાને ઈશ્વરનું રૂપ ગણવામાં આવે છે. મહારાષ્ટ્રનાં સિંધુ તાઈ રસ્તા પર ફરતા દરેક અનાથ બાળક માટે માતાથી પણ વધુ છે. તેમને પદ્મશ્રી સહિત 750થી વધુ પુરસ્કારો મળ્યા ત્યારે સમગ્ર દેશનાં લોકો તેમને ઓળખવા માંડ્યા, પણ તેમની આ સફળતા સરળ નહોતી. તેની પાછળ લાંબો સંઘર્ષ રહ્યો છે, જેની શરૂઆત તો તેમનાં જન્મની સાથે જ થઈ ગઈ હતી. મહારાષ્ટ્રના વર્ધામાં જન્મેલમાં સિંધુ તાઈનું નામ ચિંદી રાખવામાં આવ્યું હતું. ચિંદી એટલે ચિંથરું, જેની કોઈ કિંમત નથી હોતી. દારૂણ ગરીબીમાંમાં જન્મ્યાં હોવાથી ન સારી રીતે ઉછેર થયો, ન સારું ભણતર મળ્યું. 10 વર્ષની બાળવયમાં જ 30 વર્ષની શ્રીહરિ સપકાળ સાથે લગ્ન કરી દેવામાં આવ્યા. 20 વર્ષની ઉંમરમાં ચિંદી ત્રણ બાળકોની માતા બની ગઈ અને ચોથું બાળક પેટમાં હતું. અન્યાય સામે અવાજ ઉઠાવ્યો તો પતિએ ઘરમાંથી કાઢી મૂકી અને મા બાપે પણ તરછોડી દીધી. નિઃસહાય સ્થિતિમાં સંતાનને જન્મ આપ્યો, જે દિકરી હતી. પ્રસુતિ દરમિયાન પણ કોઈએ મદદ ન કરી, તો ગર્ભનાળને પથ્થરથી કાપી નાંખી. દિકરી માટે થઈને રેલવે સ્ટેશન પર ભીખ પણ માંગી. આત્મહત્યા કરવાનો પણ વિચાર આવ્યો. તેમણે બહુ ભોજન એકઠું કર્યું અને પેટ ભરીને જમી. બાકી બચેલું ભોજન સાથે બાંધી લીધું અને

### અનામત

જાન્યુઆરી 2016માં કેન્દ્ર સરકારે સીઆરપીએફ અને સીઆઈએસએફમાં સિપાહીના પદ પર 33 ટકા મહિલા અનામત ફરજિયાત કર્યું. આને કારણે સલામતી દળોમાં મહિલાઓ પ્રત્યેના અભિગમમાં પરિવર્તન આવશે.

### સંસદમાં નેતૃત્વ

2019માં સામાન્ય ચૂંટણીમાં પ્રથમ વાર વિક્રમ 78 મહિલાઓ ચૂંટાઈ આવી હતી, તો પંચાયતી રાજ વ્યવસ્થામાં પણ 46 ટકા મહિલાઓ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી રહી છે.

પોતાની દીકરીને સાથે લઈને રેલવેને પાટા પર નીકળી પડ્યાં. રસ્તામાં એક ભિખારી મળ્યો તો તેને બચેલું ભોજન આપી દીધું. તેમણે જોયું કે માબાપે તરછોડી દીધાં હોય તેવા અનેક બાળકો છે. તેમણે આ બાળકોને ભોજન આપવાનું શરૂ કર્યું અને જે પણ અનાથ બાળક મળે તેની માતા બની ગયાં. આને કારણે બાળકો તેમને "માઈ" (માતા) કહીને બોલાવવા માંડ્યા. તેમણે 1500થી વધુ અનાથ બાળકોનું પોષણ કર્યું અને તેમને મોટાં કર્યા. 4 જાન્યુઆરી, 2022નાં રોજ તેમનું અવસાન થતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને શ્રધ્ધાંજલિ આપતા ટ્વિટ કર્યું કે, ડો. સિંધુ તાઈ સપકાળને સમાજમાં તેમની સેવા માટે હંમેશા યાદ રાખવામાં આવશે."



# તીન તલાક સામે લાખો મહિલાઓનો અવાજ
# સાયરા બાનો

ઉત્તરાખંડના કાશીપુરમાં રહેતા નિવૃત્ત લશ્કરી અધિકારીની પુત્રી સાયરા બાનોનાં લગ્ન 11 એપ્રિલ, 2022નાં રોજ પ્રયાગરાજના જીટીબી નગર વિસ્તારમાં રહેતા રીઝવાન સાથે થયા હતા. સોશિયલ સાયન્સમાં માસ્ટર ડિગ્રી લીધા બાદ લગ્ન કરનાર સાયરા અન્ય યુવતીઓની જેમ ખુશખુશાલ જિંદગીના હજારો સપના લઈને પિયરમાંથી વિદાય થઈ હતી. લગ્નના થોડાં દિવસો બાદ પ્રોપર્ટી ડીલર પતિ અને સાસરિયાઓ તેમને હેરાન કરવા માંડ્યા. સમય જતાં તે બે સંતાનોની માતા બની. તેને મારવામાં આવતી હતી, મ્હેણા ટોણા આપવામાં આવતા અને વાતવાતમાં ઘરમાંથી કાઢી મૂકવાની ધમકી આપવામાં આવતી હતી. વર્ષ 2015માં ઓક્ટોબર મહિનામાં સાયરા થોડાં દિવસો માટે પિયરમાં આવી તો પતિએ એક કાગળ પર ત્રણ વાર 'તલાક' લખીને તેને કાયમ માટે ત્યજી દેવાની જાહેરાત કરી દીધી. સાયરા જેવી સ્થિતિ લાખો મહિલાઓની હતી. પણ સાયરા હવે ચૂપ રહેવા માંગતી નહોતી, તેણે સુપ્રીમ કોર્ટમાં ફરિયાદ કરી. મે, 2017માં સુપ્રીમ કોર્ટે તેની તરફેણમાં ચૂકાદો આપ્યો, તો 1985માં શાહબાનો કેસમાં તત્કાલીન સરકારની ભૂલને તાત્કાલિક વટહુકમ બહાર પાડીને સુધારવામાં આવી.

### તીન તલાક પ્રથા નાબૂદ

મુસ્લિમ મહિલા વિવાહ અધિકાર સંરક્ષણ કાનૂન 2019માં રાષ્ટ્રપતિના હસ્તાક્ષર બાદ લાગુ થયો પણ તેને 19 સપ્ટેમ્બર, 2018થી અમલી માનવામાં આવ્યો.

### કડક જોગવાઈ

ફોજદારી કાયદો (સુધારો) અધિનિયમ 2018ને પાસ કરીને બળાત્કારના દોષિતોને ફાંસ સહિતની કડક સજાની જોગવાઈ

**ફાસ્ટટ્રેક સ્પેશિયલ કોર્ટ:** જાતિય ગુનાઓ સંબંધિત કેસોની તાત્કાલિક સુનાવણી માટે 1023 ફાસ્ટટ્રેક સ્પેશિયલ કોર્ટની સ્થાપના: કોવિડ મહામારી દરમિયાન પણ બળાત્કાર અને પોક્સો સંબંધિત 49,000થી વધુ પેન્ડિંગ કેસોનો નિકાલ લાવવામાં આવ્યો.



# નીતિકા ગુપ્તા

## ઇન્સ્ટાગ્રામ પર માર્કેટિંગ દ્વારા સ્ટાર્ટઅપમાં સફળતા મેળવી

કંઈક કરી બતાવવાનો મક્કમ નિર્ધાર હોય તો કોઈ કામ અઘરું નથી હોતું. જમ્મુ-કાશ્મીરની નિતિકા ગુપ્તા તેનું ઉત્તમ ઉદાહરણ છે. એનઆઈએફટીમાંથી ગ્રેજ્યુએશન કરીને એક કંપનીમાં પ્રોડક્ટ મેનેજર તરીકે કામ કરીને નિતિકાએ દરેક રાજ્યની પરંપરાગત કળાને નજીકથી જોઈ. બાળપણથી તે સર્જનાત્મકતા પ્રત્યે આકર્ષાતી હતી, પણ નોકરીમાં કંટાળો આવતો હોવાથી તેને પોતાની સર્જનાત્મકતા દબાતી હોવાનું લાગતું હતું. કોવિડને કારણે દેશમાં કડક લોકડાઉન લાદવામાં આવ્યું ત્યારે વર્ક ફ્રોમ હોમ દરમિયાન નિતિકાને નવી શરૂઆત કરવાનો વિચાર આવ્યો. લોકડાઉનમાં મોટા ભાગના હેન્ડીક્રાફ્ટ કારીગરો ઘેર બેઠાં હતા. નિતિકાએ તેમનો સંપર્ક કર્યો અને ઇન્સ્ટાગ્રામ પર 'પાઇન કોન' નામનું પેજ બનાવીને તેમણે બનાવેલી ચીજવસ્તુઓનું માર્કેટિંગ શરૂ કર્યું. થોડો સમય લાગ્યો પણ ધીમે ધીમે શરૂઆત કર્યા બાદ દિલ્હીમાં પોતાની કંપની અને ઓફિસ ખોલી. માત્ર એક વર્ષની અંદર ટર્નઓવર વધીને રૂ. 10 લાખને પાર થઈ ગયું. હાલમાં અનેક રાજ્યોના 200થી વધુ કારીગરો તેની સાથે જોડાયેલા છે, તેમાંથી અનેક મહિલાઓ છે, જે પહેલાં બહુ મુશ્કેલીથી ગુજરાત ચલાવતી હતી. હવે તેમની આવક વધી ગઈ છે. નિતિકા અનેક રાજ્યોની હસ્તકળાની ચીજો વેચે છે.

### સ્ટાર્ટઅપ ઇન્ડિયા દ્વારા સફળતા મેળવી

યુવાનોના સપનાને ઉડાન આપવા માટે 2016માં સ્ટાર્ટઅપ ઇન્ડિયા અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. સ્ટાર્ટઅપ ઇન્ડિયા જેવા કાર્યક્રમને કારણે આજે ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઇકો સિસ્ટમ બની ગયું છે. વધુ માહિતી માટે લિન્ક https://www.startupindia.gov.in પર જાવ.

### રસોડામાં ધુમાડામાંથી મળી મુક્તિ

દેશમાં 9 કરોડથી વધુ ગરીબ પરિવારોને ઉજ્જવલા અંતર્ગત રાંધણ ગેસનાં જોડાણો આપવામાં આવ્યા છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના આંકડા પ્રમાણે લાકડાં, કોલસો જેવા પરંપરાગત ઇંધણથી રસોઇ બનાવવાને કારણે ભારતમાં વર્ષે પાંચ લાખ લોકોનાં મૃત્યુ થતા હતા. પણ કેન્દ્ર સરકારની યોજનાને કારણે મહિલાઓમાં શ્વાસ સંબંધિત બિમારીના કેસોમાં 20 ટકાનો ઘટાડો થયો છે.

### ઓલિમ્પિકમાં મહિલા એથ્લેટ્સનો દેખાવ

ઓલિમ્પિકમાં સહભાગીઓની સંખ્યા 2008માં 25 હતી, જે 2012માં 23 થઈ ગઈ.

વડાપ્રધાન મોદીના શાસનકાળમાં 2016માં 54 હતી, જે 2020માં વધીને 57 થઈ ગઈ.



# પરિવાર ઇચ્છતો હતો કે તે રસોડું સંભાળે, પણ તેણે સ્ટિક પકડી લીધી

# વંદના કટારીયા

ટોક્યો ઓલિમ્પિકમાં દક્ષિણ આફ્રિકા વિરુધ્ધની મેચમાં મહિલા હોકી ટીમને ઓછી આંકવામાં આવતી હતી ત્યારે વંદના કટારીયાએ પોતાની સ્ટિકથી એક પછી એક ત્રણ ગોલ કરીને દેશવાસીઓનાં દિલ જીતી લીધા હતા. તે ઓલિમ્પિકના ઇતિહાસમાં ભારત તરફથી હેટ્રિક લેનાર પ્રથમ મહિલા બની ગઈ. કટારિયા માટે હોકીનું ખેલાડી બનવાનું સપનું પૂરું કરવા એટલું સરળ નહોતું. ઉત્તરાખંડના રોશનાબાદ ગામમાં ઉછેર થયો હતો. તેની દાદી ઇચ્છતી હતી કે તે ઘર કામમાં મદદ કરે. તેનાં નજીકના સગા પણ નહોતા ઇચ્છતા કે વંદના તેનાં સપનાને પૂરા કરે, પણ તેના પહેલવાન પિતા નાહરસિંહ કટારિયાએ વંદનાને મનોબળ પૂરું પાડ્યું અને તેને પ્રોફેશનલ રીતે રમવામાં મદદ કરી. શરૂઆતના દિવસોમાં તેની પાસે તાલીમ લેવા પૂરતા સાધનો નહોતા. તે પોતાના કૌશલ્યને નિખારવા માટે વૃક્ષની શાખાઓ સાથે પ્રેક્ટીસ કરતી હતી. તેનાં પ્રથમ કોચ પ્રદીપ ચિન્યોતીએ તેને એક સ્કુલ ટુર્નામેન્ટમાં જોઈ અને પ્રથમ વાર ભારત તરફથી રમવામાં તેને મદદ કરી. ભારતીય ટીમમાં ફોરવર્ડ પોઝિશન પર રમનાર વંદના ટીમની કેપ્ટન પણ રહી ચૂકી છે.

### સંરક્ષણ ક્ષેત્ર


- નૌકા દળમાં મહિલા પાયલટ્સને સામેલ કરવામાં આવી છે
- યુધ્ધ માટે તૈયાર સ્કવોડ્રનમાં મહિલા પાયલટ સામેલ. સ્થાયી કમિશન માટે મહિલાઓને નેશનલ ડિફેન્સ એકેડેમીમાં સામેલ કરવામાં આવશે.

### આવાસ યોજના

**13%**

વધારો થયો મહિલાઓની સંખ્યામાં, જેમને 2015 બાદ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત જમીન અને મકાનનો માલિકી હક મળ્યો છે

રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક એવોર્ડ મેળવનાર વંદના કેન્દ્ર સરકારની ટારગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ (TOPS)નો હિસ્સો રહી ચૂકી છે. આ ઉપરાંત તે, ઉત્તરાખંડમાં બેટી બચાઓ-બેટી પઢાઓ અભિયાનની બ્રાન્ડ એમ્બેસેડર પણ છે.



# પલંગની નીચે મશરૂમ ઉગાડીને 'મશરૂમ લેડી' બની બીના દેવી

કૃષિપ્રધાન ભારતમાં કૃષિ જ એક માત્ર એવું ક્ષેત્ર છે જેમાં મહિલાઓની હાજરી ખૂબ ઓછી છે. કૃષિ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર બીના દેવીની કહાની રસપ્રદ છે, જેમણે પોતાના પલંગની નીચે જ મશરૂમની ખેતી કરી અને આજે તેઓ સમગ્ર દેશમાં જાણીતા છે. તેમનાં માટે આ કામ ખૂબ મુશ્કેલ હતું. તેમની પાસે મશરૂમની ખેતી કરવા ન કોઈ જમીન હતી, કે ન ખેતર.

પણ તેઓ હિંમત ન હાર્યા. તેમને એક વિચાર આવ્યો. તેઓ જે પલંગમાં સૂતા હતા તેની નીચે જ મશરૂમના એક કિલો બિયાં મંગાવીને તેની ખેતી શરૂ કરી દીધી. મશરૂમની ખેતી કરવા માટે બીના દેવીએ પહેલાં તો પલંગને ચારેબાજુથી સાડીથી ઘેરી લીધો. તેમની આ અનોખી રીત અંગે લોકોને જાણ થઈ તો કૃષિ વિશ્વવિદ્યાલયની ટીમ તેમનાં ઘરે પહોંચી ગઈ અને આ ઈનોવેશનની તસવીરો અને વિડિયો વાયરલ થઈ ગયો. યુનિવર્સિટીઓમાં પણ તે દર્શાવવામાં આવ્યો. બીના દેવીએ મશરૂમની ખેતી માટે આપેલી પ્રેરણાને પગલે લોકો મુગેરના પાંચ બ્લોકના 105 ગામોમાં મશરૂમ ખેતી કરવા લાગ્યા, જેનાં કારણે 1500 પરિવારો આજીવિકા મેળવી રહ્યા છે. મશરૂમની ખેતીની સાથે સાથે બીના દેવી અનેક ખેડૂતોને ઓર્ગેનિક ફાર્મિંગ, કમ્પોસ્ટ ખાતર અને ઓર્ગેનિક ઈન્સેક્ટિસાઇડ તૈયાર કરવાની તાલીમ પણ આપે છે. બીના દેવીના પ્રયાસોને કારણે આજે ગ્રામીણ મહિલાઓ દૂધના વ્યવસાય તરફ આકર્ષાઇ છે. બીના દેવીની આ કહાનીને પીએમ નરેન્દ્ર મોદીએ પોતાના ટ્વિટર હેન્ડલ દ્વારા રજૂ કરી હતી.

## નારી શક્તિની સલામતી




એક રાષ્ટ્ર, એક ઈમરજન્સી નંબર 112 લોંચ, 35 રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચાલુ

**181**

હેલ્પલાઇન દ્વારા 24 ડિસેમ્બર 2021 સુધી 54 લાખથી વધુ મહિલાઓને મદદ કરવામાં આવી



# બસંતી દેવી
## જેમનાં જીવનનું ધ્યેય વૃક્ષો બચાવવાનું છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાતમાં પદ્મશ્રી પુરસ્કાર મેળવનાર ચાર ગુમનામ નાયકોનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં દેવભૂમિ ઉત્તરાખંડની બસંતી દેવીનું પણ નામ હતું. પ્રસિધ્ધ સમાજ સેવિકા બસંતી દેવીએ ઉત્તરાખંડના પર્યાવરણ સંરક્ષણ, વૃક્ષો અને નદીને બચાવવા માટે પોતાનું યોગદાન આપ્યું છે. કૌસાનીના લક્ષ્મી આશ્રમમાં રહેતી બસંતી દેવીએ પર્યાવરણ સંરક્ષણ ઉપરાંત સમાજમાં ફેલાયેલી કુરીતિઓને નાબૂદ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. પંચાયતોના સશક્તિકરણ માટે પણ તેમણે પ્રયાસ કર્યા છે. માત્ર 12 વર્ષની ઉંમરમાં પતિને ગુમાવનાર બસંતી દેવીએ જીવનમાં ક્યારેય હાર નથી માની. પતિના અવસાન પછી લક્ષ્મી આશ્રમ જ તેમનું ઘર બની ગયું. અહીં રહીને જ તેમણે 12મા ધોરણ સુધીનો અભ્યાસ પૂરો કર્યો. તેમણે સમાજ સેવાની શરૂઆત અલ્મોડા જિલ્લાના ધૌલાદેવી બ્લોકમાં 'બાલવાડી' કાર્યક્રમ દ્વારા કરી. અહીં તેઓ પોતે ભણાવતા પણ હતા અને મહિલાઓનું સંગઠન બનાવ્યું. તેમણે કોસી નદી બચાવવા માટે પણ મહત્વનું કામ કર્યું છે. 2003માં એક અખબારમાં સમાચાર છપાયા કે જંગલ કપાવાને કારણે આગામી 10 વર્ષમાં કોસી નદી સુકાઇ જશે. બસંતી દેવીએ જંગલ બચાવવાનું બીડું ઝડપ્યું.

**સ્ટોપ સેન્ટર**

**704**

વન સ્ટોપ સેન્ટર ખાનગી, જાહેર, પરિવાર, સમુદાય અથવા કામકાજના સ્થળે હિંસાથી પીડિત મહિલાઓની સહાયતા માટે દેશભરમાં ચાલે છે, જેમાં ત્રણ લાખથી વધુ મહિલાઓને મદદ મળી

**ડીએનએ વિશ્લેષણ માટે એકમ**

**190**

કરોડ રૂપિયાનાં ખર્ચે 20 રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોમાં ડીએનએ એનાલિસિસ યુનિટની સ્થાપના અને અપગ્રેડિંગને મંજૂરી

'ચિપકો આંદોલન'ની ધરતી પરથી આવતી બસંતીદેવી જંગલ જંગલ ભટક્યાં અને લોકોને સમજાવ્યું કે વૃક્ષ ન કાપશો, નહીંતર નદી સૂકાઇ જશે. તેમનાં પ્રયાસોથી પરિસ્થિતિ બદલાવા માંડી. વર્ષ 2016માં તેમને નારી શક્તિ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. 2022 માટે બસંતી દેવીને પદ્મશ્રી સન્માન આપવામાં આવ્યું.



# આસામમાં સશક્તિકરણનું પ્રતીક બન્યાં
# લખીમી બરૂઆ

અહોમ રાજાઓની અંતિમ રાજધાની જોરહાટ ચાના બગીચાઓ માટે પણ જાણીતું છે. હવે લખીમી બરુઆએ જોરહાટને ગૌરવ અપાવ્યું છે. ગયા વર્ષે ભારત સરકારે લખીમી બરુઆનું પદ્મશ્રીથી સન્માન કર્યું હતું. 1949માં તેમનો જન્મ થયો પણ તરત માતાનું અવસાન થયું. ઘરની આર્થિક સ્થિતિ નબળી હતી, છતાં પિતાએ સારી રીતે ઉછેર કર્યો. તેઓ ભણવામાં હોંશિયાર હતા પણ કુદરતે કંઈક બીજું જ મંજૂર હતું. 1969માં પિતાની છત્રછાયા ગુમાવી તો કોલેજ છોડવી પડી. 1973માં લગ્ન થયા અને પતિએ અભ્યાસ પૂરો કરવામાં મદદ કરી. 1980માં લખીમીએ ગ્રેજ્યુએશન કર્યું અને ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કોઓપરેટિવ બેન્કમાં એકાઉન્ટ મેનેજર બની ગયા. અહીં લખીમીના નવા જીવનની શરૂઆત થઈ જેને કારણે આજે માત્ર આસામ જ નહીં, સમગ્ર દેશ તેમને જાણે છે. નોકરી કરતી વખતે તેમણે જોયું કે ગામડાંની ગરીબ, અભણ સ્ત્રીઓ, ચાના બગીચાઓમાં મજૂરી કરનારી મહિલાઓ ઉધાર લેવા માટે કલાકો સુધી લાઇનમાં ઊભી રહે છે. કાઉન્ટર સુધી પહોંચે તો દસ્તાવેજોના અભાવે ખાલી હાથે પાછી ફરતી. લાચાર મહિલાઓના આંસુ જોઈને લખીમીનું હૃદય દ્રવી ઉઠતું. આના પરથી પ્રેરણા લઈને તેમણે 1983માં જોરહાટમાં એક મહિલા સમિતિ બનાવી અને 1990માં કનકલતા મહિલા કોઓપરેટિવ બેન્કની શરૂઆત કરી. બેન્કનાં રજીસ્ટ્રેશન માટે તેમણે આઠ વર્ષ સંઘર્ષ કર્યો. બે દાયકાથી વધુ સમયથી સંચાલિત આ બેન્કની હવે ચાર શાખાઓ છે. જેમાં હાલ 45,000 ખાતાધારકો છે. બેંકમાં માત્ર મહિલા કર્મચારીઓની જ ભરતી કરવામાં આવે છે.

## મહિલા સશક્તિકરણ

કોવિડ કાળમાં મહિલાઓને વિશેષ મદદ કરવામાં આવી

**30,000**

કરોડ રૂપિયાથી વધુ રકમ ટ્રાન્સફર કરવામાં આવી, એપ્રિલ-જૂન 2020 દરમિયાન 20 કરોડ મહિલાઓના ખાતામાં

**પીએમ ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત 14 કરોડ રિફિલ સિલિન્ડર મફત આપવામાં આવ્યા.**

**મહિલા સ્વ સહાય જૂથો માટે જામીન વગર લોન આપવાની મર્યાદા રૂ. 10 લાખથી વધારીને રૂ. 20 લાખ સુધી કરવામાં આવી.**



# મદુરાઈથી દિલ્હી સુધી સામાન સપ્લાય કરી રહેલાં અરૂલમોઝી

અરૂલમોઝી એવી મહિલાઓ માટે દ્રષ્ટાંત બનીને ઊભરી છે, જેઓ ઘરની સારસંભાળ અને બાળકોના ઉછેરમાં પોતાના સપનાને સાકાર નથી કરી શકતી. પણ તામિલનાડુના મદુરાઈમાં રહેતી અરૂલમોઝીએ પોતાની સ્થિતિને સમસ્યા તરીકે નહીં પણ પડકાર તરીકે સ્વીકારી. બે બાળકોને કારણે તેઓ બહાર કામ કરવા જઈ શકતા નહોતા એટલે વિચાર્યું કે કોઈ બિઝનેસ કરીએ જેથી ઘરમાં રહીને જ કામ કરી શકાય. તેમણે સ્ટેશનરી કામથી શરૂઆત કરી અને ગવર્મેન્ટ ઈ-માર્કેટ પ્લેસ (Gem) પોર્ટલ પર રજીસ્ટ્રેશન કર્યું. મોટા ઓર્ડર મળવાનું શરૂ થયું પણ ભંડોળ ક્યાંથી લાવવું તે સમસ્યા સામે આવી. જોકે પ્રધાનમંત્રી મુદ્રા લોન દ્વારા તેનો ઉકેલ આવ્યો. અરૂલમોઝી કહે છે, "માત્ર આધાર કાર્ડ અને એક ફોટો પર લોન. આટલી સરળતાથી લોન મળી જાય એવું પહેલાં તમે ક્યારેય સાંભળ્યું હતું.?" હવે તેઓ મદુરાઈથી જ સામાન સપ્લાય કરે છે. વડાપ્રધાન કાર્યાલયથી માંડીને વિદેશ મંત્રાલય સુધી તેમનો સામાન જેમ પોર્ટલ દ્વારા પહોંચી જાય છે. અરૂલમોઝીએ પોતાના આ સાહસમાં ચાર લોકોને પણ રોજગારી આપી. ટૂંક સમયમાં તેઓ મોટી કંપની દ્વારા 40 લોકોને રોજગારી આપવા જઈ રહ્યા છે. ●

## તમે પણ જેમ પોર્ટલનો લાભ લઈ શકો છો

સરકારી ખરીદીમાં ભ્રષ્ટાચારને ખતમ કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જેમ (GeM) પોર્ટલની શરૂઆત કરી હતી. હવે દરેક સરકારી ઓફિસમાં થનારી તમામ ખરીદી આ પોર્ટલ દ્વારા ઓનલાઈન થાય છે. વધુ માહિતી https://gem.gov.in પરથી મળી શકશે.

### શી (SHE)

- જાતિય શોષણના કેસમાં ફરિયાદ કરવા અને તેના મોનિટરીંગ માટે ઓનલાઈન વ્યવસ્થાની શરૂઆત 2017માં કરવામાં આવી

### આત્મરક્ષાની પહેલ

- નિરંતર શિક્ષણ અભિયાન અંતર્ગત સરકારી શાળાઓમાં ધોરણ 6-12 સુધીની વિદ્યાર્થીઓને આત્મરક્ષાના ગુણ શીખવવાની શરૂઆત કરવામાં આવી.

**ગર્ભપાતની સમય મર્યાદાઃ** હિંસા પીડિત મહિલાઓને રાહત આપવાના હેતુથી તાજેતરમાં જ મેડિકલ ટર્મિનેશન પ્રેગનન્સી એક્ટને મંજૂરી આપવામાં આવી છે, જેનાથી ગર્ભપાત માટેની સમયમર્યાદા 20 સપ્તાહથી વધારીને 24 સપ્તાહ કરવામાં આવી છે.



# ડિજિટલ ટેકનોલોજીથી ખેડૂતો બનશે સશક્ત

**બદલાતા સમયની સાથે ભારતે ટેકનોલોજી અને ડિજિટાઈઝેશન પર ભાર મૂક્યો છે, ત્યારે કૃષિ ક્ષેત્ર પણ તેનાથી બાકાત નથી. નવા ભારતનું આ મહત્વપૂર્ણ સાધન છે, જેનાં દ્વારા કૃષિ ક્ષેત્ર પડકાર માટે તૈયાર થઈ રહ્યું છે. એટલું જ નહીં પણ ભારતીય યુવાનો આ ક્ષેત્રમાં મોટું પ્રદાન આપી શકે છે. પાક સર્વેક્ષણ, લેન્ડ રેકોર્ડ ડિજિટાઈઝેશન, ડ્રોન દ્વારા જંતુનાશકો અને પોષક તત્વોના છંટકાવ જેવા કામોમાં ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ થઈ શકે છે. આ સંભાવનાઓને જોતાં ટેકનોલોજીની સાથે સાથે કૃષિની નવી દિશામાં ભારત આગળ વધી રહ્યું છે...**

ભારત જેવા દેશોમાં ખેતીવાડીનું ખૂબ મહત્વ છે. એટલાં માટે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કૃષિ અને કૃષિ ટેકનોલોજીને આધુનિક બનાવવા માટે કૃત સંકલ્પિત છે અને ભારત ઉચ્ચ કૃષિ વિકાસની સાથે સાથે સમાવેશી વિકાસ પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યું છે. કૃષિ ક્ષેત્રમાં મહિલાઓના સ્વ-સહાય જૂથો દ્વારા સહાયતા પ્રદાન કરવામાં આવી રહી છે, કારણ કે કૃષિમાં વસતિના એક મોટા હિસ્સાને ગરીબી રેખાની ઉપર લાવવાની અને તેમને સારી જીવનશૈલી આપવાની ક્ષમતા છે. "અમે ખાદ્યા સલામતીની સાથે સાથે પોષણ સલામતી પર ફોકસ કરી રહ્યા છીએ. આ વિઝન સાથે વીતેલા સાત વર્ષોમાં અમે અનેક બાયો-ફોર્ટિફાઈડ જાતોને વિક્સાવી છે." 5 ફેબ્રુઆરીનાં રોજ તેલંગાણામાં સ્થિત ICRISATની 50મી વર્ષગાંઠના સમારોહના પ્રારંભમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહેલા આ શબ્દો દર્શાવે છે કે ભારતનું લક્ષ્ય માત્ર અનાજનું ઉત્પાદન વધારવાનું જ નથી, પણ 80 ટકાથી વધુ નાના અને સીમાંત ખેડૂતોનું કલ્યાણ કરવાનું પણ છે. સાથે સાથે, ભારત એફપીઓ અને એગ્રીકલ્ચર વેલ્યુ ચેઈન સ્થાપવા પર પણ ધ્યાન કેન્દ્રીત કરી રહ્યો છે, કારણ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશના નાના ખેડૂતોને હજારો એફપીઓમાં સંગઠિત કરીને તેમને જાગૃત અને મોટો માર્કેટ ફોર્સ બનાવવા માંગે છે. ●

## ICRISATની 50મી વર્ષગાંઠ સમારોહની શરૂઆત

વડાપ્રધાને હૈદરાબાદના પાટનચેરુમાં ઈન્ટરનેશનલ ક્રોપ્સ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ફોર સેમી-એરિડ ટ્રોપિક્સ (ICRISAT) કોમ્પલેક્સની મુલાકાત લીધી અને ICRISATની 50મી વર્ષગાંઠના સમારોહનું ઉદઘાટન કર્યું. વડાપ્રધાને પાક સંરક્ષણ અંગેના ક્લાઈમેટ ચેન્જ રિસર્ચ સેન્ટર અને સેન્ટર ફોર રેપિડ જનરેશન એડવાન્સમેન્ટનું પણ ઉદઘાટન કર્યું. આ બે સુવિધા એશિયા અને સબ-સહારન આફ્રિકાના નાના ખેડૂતોને સેવા પૂરી પાડે છે. વડાપ્રધાને ના વિશેષ રીતે ડિઝાઈન કરવામાં આવેલા ICRISATના લોગોનાં અનાવરણની સાથે સાથે એક સ્મારક ટિકિટ પણ જારી કરી.

### ICRISAT કૃષિ સંશોધન કરે છે

ઈન્ટરનેશનલ ક્રોપ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ફોર સેમી-એરિડ ટ્રોપિક્સ (ICRISAT) એક એવું આંતરરાષ્ટ્રીય સંગઠન છે, જે એશિયા અને આફ્રિકાના સબ-સહારન વિસ્તારોમાં વિકાસ માટે કૃષિ સંશોધન કરે છે. તે પાકની ઉમદા જાતોને વિક્સાવીને ખેડૂતોને મદદ કરે છે અને સુકી જમીન ધરાવતા નાના ખેડૂતોને જળવાયુ પરિવર્તનની અસરોનો સામનો કરવામાં મદદ કરે છે.



# સંસ્કૃતિની સાથે સમાનતાનો સંદેશ 'સ્ટેચ્યુ ઓફ ઇક્વાલિટી'

**11મી સદીના મહાન સંત રામાનુજાચાર્યની યાદમાં હૈદરાબાદમાં 216 ફુટ ઊંચા સ્ટેચ્યુ ઓફ ઇક્વાલિટીની સ્થાપના કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 5 ફેબ્રુઆરીનાં રોજ તેને રાષ્ટ્રને સમર્પિત કરી હતી. રામાનુજાચાર્ય એક એવા સંત હતા જેમણે દેશમાં સામાજિક સુધારાઓ કર્યા, તો દલિતો અને પછાત વર્ગના લોકો માટે પણ કામ કર્યું. ભલે આજે રામાનુજાચાર્ય નથી, પણ તેમનાં વિચાર અને તેમની આ વિશાળ પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ ઇક્વાલિટી' તરીકે સમાનતાનો સંદેશા આપે છે અને આ સંદેશ લઈને આજે દેશ 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ ઔર સબકા પ્રયાસ' ના મંત્રની સાથે નવા ભવિષ્યનો મજબૂત પાયો નાખી રહ્યો છે.**

રામાનુજાચાર્ય ભારતની એકતા અને અખંડિતતા માટે પ્રેરણા સમાન હતા, જેમનો જન્મ ભલે દક્ષિણ ભારતમાં થયો હોય પણ તેમનો પ્રભાવ દક્ષિણથી ઉત્તર અને પૂર્વથી પશ્ચિમ સુધી સમગ્ર ભારતમાં છે. રામાનુજાચાર્ય કહેતા હતા, "**उईरगलुक्कूलबेडम इल्लै**". એટલે કે તમામ જીવ સમાન છે. તેઓ બ્રહ્મ અને જીવની એકતાના માત્ર વાત નહોતા કરતા, પણ વેદાંતના આ સૂત્રને ખુદ ચરિતાર્થ પણ કરતા હતા. એમણે એટલું જ કહ્યું કે, ધર્મ કહે છે, "**न जातिः कारणं लोके गुणाः कल्याण हेतवः**" એટલે કે સંસારનું કલ્યાણ જાતિથી નહીં, ગુણોથી થાય છે. રામાનુજાચાર્યના આ ઉપદેશ પર ચાલીને આજનું ભારત કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર તમામનો વિકાસ અને સામાજિક ન્યાયના સિધ્ધાંત પર આગળ વધી રહ્યો છે. જેમનાં પર સદીઓ સુધી ત્રાસ

ગુજારવામાં આવ્યો તેઓ સંપૂર્ણ ગરિમા સાથે દેશના વિકાસમાં ભાગીદાર બની શકે તે માટે આજનું બદલાતું ભારત એક જૂથ થઈને પ્રયાસ કરી રહ્યું છે.

'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ ઔર સબકા પ્રયાસ'ને પોતાનો મૂળ મંત્ર માનનારી કેન્દ્ર સરકારના પ્રયાસોના પરિણામે જ આજે ભારતમાં પાકા ઘર, ઉજ્જવલામાં મફત જોડાણ, રૂ. પાંચ લાખ સુધી મફત સારવારની સુવિધા, મફત વીજ જોડાણ, જનધન બેન્ક ખાતું અને સ્વચ્છ ભારત અભિયાન જેવી યોજનાઓએ દલિતો, પછાતો અને વંચિત વર્ગોને મજબૂત કર્યા છે. વસંત પંચમીના શુભ અવસરે હૈદરાબાદમાં આ પ્રતિમા સ્થાપિત થતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સહર્ષ જણાવ્યું હતું કે, "જગદગુરુ શ્રીરામાનુજાચાર્યની આ ભવ્ય વિશાળ મૂર્તિ દ્વારા ભારત માનવીય ઊર્જા અને પ્રેરણાને મૂર્ત રૂપ આપી રહ્યું છે. રામાનુજાચાર્યની આ પ્રતિમા તેમનાં જ્ઞાન, વૈરાગ્ય અને આદર્શની પ્રતીક છે." રામાનુજાચાર્યની 1000મી જન્મજયંતી પ્રસંગે સ્ટેચ્યુ ઓફ ઇક્વાલિટીનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું, જે 12 દિવસીય શ્રીરામાનુજ સહસ્ત્રાબ્ધિ સમારોહનો હિસ્સો હતો.

**રામાનુજાચાર્યએ સમાનતાના વિચારોને પ્રોત્સાહન આપ્યું**

રામાનુજાચાર્ય હિન્દુ ભક્તિ પરંપરામાંથી આવે છે જેમણે આસ્થા, જાતિ અને પંથ સહિત જીવનના તમામ પાસાઓમાં સમાનતાના વિચારોને પ્રોત્સાહન આપ્યું હતું. તેમણે રાષ્ટ્રીયતા, લિંગ, વંશ, જાતિ કે પંથની પરવા કર્યા વિના દરેક વ્યક્તિની ભાવના સાથે લોકોનાં કલ્યાણ માટે અવિરત કામ કર્યું. તેમનો જન્મ ઇ.સ, 1017માં થયો હતો અને તેમનું અવસાન 1137માં થયું હતું. તામિલનાડુના શ્રીપેરામ્બુદુરમાં એક બ્રાહ્મણ પરિવારમાં તેમનો જન્મ થયો હતો અને તેઓ વરદરાજ સ્વામીના ભક્ત હતા. તેમણે દ્વૈત-અદ્વૈતનો સમન્વય સાધીને વિશિષ્ટાદ્વૈતનો સિધ્ધાંત આપ્યો હતો. આ સંપ્રદાયનું પાલન કરતા ભક્તો માથા પર બે સીધી લીટીવાળું તિલક કરતાં હોય છે અને તેઓ પોતાના ખભા પર હંમેશા શંખ ચક્ર પ્રતીક રાખે છે.

**તેલુગુ સંસ્કૃતિએ ભારતની વિવિધતાને મજબૂત કરી**

તેલુગુ સંસ્કૃતિ સદીઓ જૂની છે. અનેક મહાન રાજાઓ અને રાણીઓએ તેનો પ્રચાર કર્યો હતો. સાતવાહન, કાકતિયા અને વિજયનગર સહિતનાં તમામ સામ્રાજ્યોએ તેલુગુ સંસ્કૃતિને પ્રોત્સાહિત કરી હતી. મહાન કવિઓએ તેલુગુ સંસ્કૃતિને સમૃધ્ધ કરી છે. ગયા વર્ષે તેલંગાણામાં આવેલા 13મી સદીના કાકતિયા રૂદ્રેશ્વર-રામાપ્પા મંદિને યુનેસ્કો વિશ્વ ધરોહર સ્થળ જાહેર કર્યુ છે. વિશ્વ પર્યટન સંગઠને પોચમપલ્લીને ભારતના સૌથી સુંદર પર્યટન ગામનો દરજ્જો આપ્યો છે. પોચમપલ્લીની મહિલાઓ દ્વારા બનાવવામાં આવતી સાડી પોચમપલ્લી સાડી તરીકે સમગ્ર વિશ્વમાં જાણીતી છે. એટલું જ નહીં, તેલુગુ ફિલ્મોની ચર્ચા માત્ર ભારત જ નહીં, પણ સમગ્ર વિશ્વમાં જાણીતી છે. વડાપ્રધાને જણાવ્યું હતું કે, "તેલુગુ ફિલ્મોની સર્જનાત્મકતા સિલ્વર સ્ક્રીનથી માંડીને ઓટીટી પ્લેટફોર્મ સુધી છવાયેલી છે. વિદેશોમાં પણ તેની ખૂબ પ્રશંસા થાય છે. તેલુગુ ભાષી લોકોનું પોતાની કળા અને સંસ્કૃતિ પ્રત્યે સમર્પણ બધાં માટે પ્રેરણાનો સ્ત્રોત છે." ●



## ગૃહ મંત્રી અમિત શાહે પણ સ્ટેચ્યુ ઓફ ઇક્વાલિટીની મુલાકાત લીધી

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે 8 ફેબ્રુઆરીનાં રોજ હૈદરાબાદમાં સ્ટેચ્યુ ઓફ ઇક્વાલિટી પર મહાન સંત શ્રી રામાનુજાચાર્યને શ્રધ્ધાંજલિ અર્પણ કરી. અમિત શાહે શ્રી રામાનુજાચાર્ય જન્મ સહસ્ત્રાબ્દિ સમારોહને પણ સંબોધન કર્યું અને જણાવ્યું કે, કોઈ પણ માન્યતા કે સંપ્રદાયના અનુયાયી હોય, તેમણે એક વાર અહીં એટલાં માટે આવવું જોઇએ કારણ કે છેલ્લે તો સનાતન ધર્મની શરણમાં જ બધાંનો ઉદ્ધાર છે.

## રામાનુજાચાર્યની પ્રતિમાની વિશેષતા

216 ફુટ ઊંચી આ પ્રતિમા પંચધાતુમાંથી બની છે, જેમાં સોના, ચાંદી, તાંબુ, પિત્તળ અને જસતનો સમાવેશ થાય છે. બેઠેલી મુદ્રામાં વિશ્વની સૌથી ઊંચી ધાતુ પ્રતિમાઓમાંની એક છે. તે 'ભદ્ર વેદી' નામની 54 ફૂટ ઊંચી પાયાની ઈમારત પર સ્થાપવામાં આવી છે. આ પરિસરમાં વૈદિક ડિજિટલ લાઇબ્રેરી અને સંશોધન કેન્દ્ર, પ્રાચીન ભારતીય ગ્રંથ, થિયેટર, રામાનુજાચાર્યનાં ઘણાં કાર્યોની માહિતી આપતી શૈક્ષણિક ગેલેરી છે. આ પ્રતિમાની કલ્પના રામાનુજાચાર્ય આશ્રમના ચિન્ના જીયર સ્વામી દ્વારા કરવામાં આવી છે.

## હૈદરાબાદનું નવું આકર્ષણ

હૈદરાબાદની મુલાકાતે આવનારા પર્યટકો માટે રામાનુજમની પ્રતિમા આકર્ષણનું નવું કેન્દ્ર બની રહેશે. અહીં યદાદ્રી મંદિર ઉપરાંત આ પ્રતિમા વિષ્ણુ ભક્તો અને અન્ય પર્યટકોને આકર્ષિત કરશે. આ કારણસર હૈદરાબાદમાં પર્યટકોની સંખ્યામાં પણ વધારો થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'વિશ્વકસેન ઇષ્ટિયજ્ઞ'ની પૂર્ણાતિમાં પણ ભાગ લીધો હતો.



"દેશનાં કરોડો ગરીબોનાં મનમાં એ સવાલ હોય છે કે જ્યાં સુધી હાથ-પગ ચાલે છે ત્યાં સુધી તો કામ મળશે, થોડા ઘણા પૈસા પણ મળશે, પણ જ્યારે શરીર નબળું પડી જશે ત્યારે શું થશે? દેશનાં કરોડો ગરીબોનાં મનમાં આ સવાલ છે એનો મને અહેસાસ હતો. આ તકલીફ મારા મન-મસ્તિષ્કમાં હતી. જેને પગલે અમારી સરકારને પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના ઘડવા પ્રેરણા મળી. આઝાદી પછીના ઇતિહાસની આ પ્રથમ યોજના છે, જેણે સમાજને એ વર્ગને સ્પર્શ્યો છે."

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

# અસંગઠિત ક્ષેત્રના કામદારોનું ભાવિ સલામત બન્યું

**અસંગઠિત ક્ષેત્રના કરોડો શ્રમિકો આપણા દેશની કરોડરજ્જુ છે, જેમનું કલ્યાણ કરવાની વાતો તો લોકો કરે છે પણ વિટંબણા એ છે કે તેમની સાચી સંખ્યા જાણવાની કોઈ વ્યવસ્થા નહોતી. આખી જીંદગી મહેનત કરીને ગુજારનાર આ શ્રમિક જ્યારે ઢળતી ઉંમરે કામ કરવાની સ્થિતિમાં નથી હોતા ત્યારે તેમની સામે ગંભીર આર્થિક તંગી તોળાતી હોય છે. રાત દિવસ પરસેવો એક કરીને આયખું કાઢી નાખનાર આ લોકોને સામાજિક સુરક્ષાનો લાભ નહોતો મળતો. 5 માર્ચ, 2019નાં રોજ પ્રથમ વાર કેન્દ્ર સરકારે શ્રમિકોને આર્થિક તંગીમાં મદદ મળી રહે તે માટે પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના શરૂ કરી, તો ઓગસ્ટ 2021માં ઈ-શ્રમિક પોર્ટલ શરૂ કરીને પ્રથમ વાર આવા શ્રમિકોનું રજીસ્ટ્રેશન કરીને તેમને સામાજિક સલામતી આપવાની દિશામાં મહત્વનું પગલું ભર્યું..**

રેણુદેવી બિહારના બેગુસરાય જિલ્લાની રહેવાસી છે. તેણે પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના અંતર્ગત રજીસ્ટ્રેશન કરાવીને પોતાનું ભવિષ્ય સલામત કરી લીધું છે, જેથી 60 વર્ષ બાદ તેમને આર્થિક સલામતીનું કવચ મળી શકે. રેણુ દેવી કહે છે, "કેન્દ્ર સરકારની આ એવી પહેલ છે, જેમાં નબળી આર્થિક સ્થિતિ ધરાવતા લોકોમાં વિશ્વાસનો સંચાર થયો છે અને લોકોનું ભવિષ્ય સલામત બન્યું છે."

રેણુ દેવીની જેમ મધ્યપ્રદેશના છિંદવાડામાં રહેતા શિવમ સૂર્યવંશીએ પણ પોતાનું ભાવિ સલામત કરવા માટે આ યોજના હેઠળ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. શિવમે જણાવ્યું. "મારા પિતાજી મજૂરીનું કામ કરે છે. ઘરની આર્થિક સ્થિતિ એટલી સારી નથી. અમને અમારા ભવિષ્યની ચિંતા હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એટલી સારી યોજના શરૂ કરી તો મેં મારું રજીસ્ટ્રેશન કરાવી લીધું. હું લોકોને પણ કહીશ કે તેઓ આ યોજનાનો લાભ લે."

# આવી રીતે યોજનાઓનો લાભ લઈ શકો છો

- પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજનાનો હેતુ 60 વર્ષની ઉંમર બાદ વૃધ્ધોને દર મહિને રૂ. 3,000નું પેન્શન આપીને આર્થિક મદદ કરવાનો છે અને યોજના દ્વારા અસંગઠિત ક્ષેત્રના મજૂરો અને દેશનાં વરિષ્ઠ નાગરિકોને સશક્ત અને આત્મનિર્ભર બનાવવાનો છે.
- 46,26,768 લોકોએ પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના અંતર્ગત 9 ફેબ્રુઆરી સુધી રજીસ્ટ્રેશન
- ડ્રાઈવર, રિક્ષાચાલક, મોચી, દર્જી, મજૂરો, ઘરોમાં કામ કરતા લોકો, ઇંટ ભઠ્ઠી પર કામ કરનારાઓ જેવા અંસગઠિત ક્ષેત્રના શ્રમિકો આ યોજનાનો લાભ ઉઠાવી શકે છે.
- અરજી કરવા માટે શ્રમિકો પાસે મોબાઈલ ફોન, આધાર નંબર અને બેન્કમાં બચત ખાતું હોવું જોઈએ. તેમાં અરજી કરવા માટે તમામ જરૂરી દસ્તાવેજો સાથે ઓફલાઈન એટલે કે નજીકના જન સેવા કેન્દ્ર પર જઈને રજીસ્ટ્રેશન કરાવી શકાય છે.
- પીએમ શ્રમયોગી માનધન યોજના અંતર્ગત ઓનલાઈન અરજી પણ કરી શકાય છે.
- અરજી કરવા માટે www.maandhan.in વેબસાઈટ પર જાવ
- કોઈ શ્રમિક 18 વર્ષનો હોય તો તેણે દર મહિને 55 રૂપિયાનું રોકાણ કરવું પડશે. 29 વર્ષની ઉંમરનાં લોકોએ દર મહિને 100 રૂપિયા અને 40 વર્ષની ઉંમરની વ્યક્તિએ મહિને રૂ. 200નું રોકાણ કરવું પડશે.
- પેન્શન મળવાનું શરૂ થાય પછી લાભાર્થીનું મૃત્યુ થાય તો પેન્શનની 50 ટકા રકમ તેના જીવનસાથીને પેન્શન તરીકે આપવામાં આવશે.

## ઇ-શ્રમથી જોડાવો, પ્રગતિ કરો

કેન્દ્ર સરકારે અસંગઠિત ક્ષેત્રના કર્મચારીઓનો રાષ્ટ્રીય ડેટા બેઝ બનાવવા માટે શ્રમ અને રોજગાર મંત્રાલય અંતર્ગત ઈ-શ્રમ પોર્ટલ તૈયાર કર્યું છે, જેને આધાર સાથે જોડવામાં આવી રહ્યું છે. તેમાં નામ, વ્યવસાય, સરનામું, શૈક્ષણિક યોગ્યતા, કુશળતા અને પરિવાર વગેરેની માહિતી હશે, જેથી તેની રોજગાર ક્ષમતાનો યોગ્ય રીતે ઉપયોગ થઈ શકે અને તેના સુધી સામાજિક સલામતી યોજનાનો લાભ પહોંચી શકે. પર પ્રાંતિયો, ઘરઘાટીઓ સહિતના ક્ષેત્રોના અસંગઠિત શ્રમિકોનો આ પ્રથમ રાષ્ટ્રીય ડેટાબેઝ છે.

**25** **કરોડથી વધુ અંસગઠિત શ્રમિકોએ અત્યાર સુધી ઈ-શ્રમ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવ્યું છે.**

## ઇ-શ્રમઃ ઊડતી નજરે..

- ઈ-શ્રમ પોર્ટલ પર રજીસ્ટર્ડ અસંગઠિત શ્રમિકને બે લાખ રૂપિયાનો અકસ્માત વીમો.
- આ પોર્ટલ પર રજીસ્ટર્ડ શ્રમિક અકસ્માતનો ભોગ બને તો મૃત્યુ કે કાયમી ખોડ ખાંપણના સંજોગોમાં તેને બે લાખ રૂપિયા અને આંશિક રીતે અપંગ થાય તો એક લાખ રૂપિયા આપવામાં આવશે.
- ઈ-શ્રમ પોર્ટલ પર રજીસ્ટ્રેશન સંપૂર્ણપણે મફત છે. કામદારોએ કોમન સર્વિસ સેન્ટર (CSC)કે અન્ય કોઈ જગ્યાએ રજીસ્ટ્રેશન માટે કોઈ ચાર્જ નહીં ચૂકવવો પડે.
- રજીસ્ટ્રેશન માટે શ્રમિકોને યુનિક યુનિવર્સલ એકાઉન્ટ નંબર (UAN) ધરાવતું ઈ-શ્રમ કાર્ડ જારી કરવામાં આવશે અને આ કાર્ડ દ્વારા તેઓ ગમે ત્યાં અને ગમે ત્યારે વિવિધ સામાજિક સલામતી યોજનાઓનો લાભ લઈ શકશે.
- ઈ-શ્રમ પોર્ટલ અંતર્ગત આવનારા શ્રમિકો છે- બાંધકામ મજૂરો, ઘરઘાટીઓ, પરપ્રાંતીયો, કૃષિ મજૂરો, ગિગ અને પ્લેટફોર્મ શ્રમિકો, ફેરિયાઓ, પાથરણાવાળા અને અન્ય અસંગઠિત શ્રમિકો.

શિવમની માતા બબીતા પણ કહે છે કે તેમની આર્થિક સ્થિતા સારી નથી અને આ યોજના ભવિષ્ય માટે ઘણી સારી છે.

પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના રેણુદેવી અને શિવમ જેવા અનેક લોકો માટે આજે આશાનું કિરણ બની ગઈ છે, જે તેમની ભવિષ્યની જરૂરિતાયોને પૂરા કરવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. વાસ્તવમાં, પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના અસંગઠિત ક્ષેત્રના લોકો માટે વરદાન સાબિત થઈ રહી છે કારણ કે આ યોજના અંતર્ગત 15,000 રૂપિયા અથવા તેનાથી ઓછી માસિક આવક ધરાવતા 18થી 40 વર્ષની વયજૂથમાં આવતા અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો નોંધણી કરાવી શકે છે અને 60 વર્ષની ઉંમર બાદ પ્રતિ માસ 3,000 રૂપિયાનું પેન્શન મેળવી શકે છે. ●

# સંસદમાં પણ નવા ભારતના નિર્માણનો સંદેશ

**સંસદીય ભાષણો પર દેશની નજર હોય છે. ખાસ કરીને, જ્યારે વડાપ્રધાન પોતે રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રગટ કરી રહ્યા હોય. કારણ કે તેમાં વિકાસનાં લેખા-જોખા હોય છે, સામાન્ય માણસની આશાઓનો ઉલ્લેખ હોય છે. દેશની પ્રગતિની વાત હોય છે. અને દેશ જ્યારે અમૃતકાળમાં આઝાદીના 100માં વર્ષમાં નવા ભારતનાં નિર્માણ તરફ પ્રગતિ કરી રહ્યો હોય ત્યારે આ વક્તવ્ય વધુ મહત્વનું બની જાય છે. 7 ફેબ્રુઆરીનાં રોજ લોકસભા અને 8 ફેબ્રુઆરીનાં રોજ રાજ્યસભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશ સમક્ષ વિકાસનાં લેખા-જોખા રજૂ કર્યા એટલું જ નહીં પણ 2047માં ભારત કેવું હોય તે દિશામાં પ્રયાસોની રૂપરેખા પણ રજૂ કરી. લોકસભામાં એક કલાક 40 મિનિટ અને રાજ્યસભામાં 1 કલાક 26 મિનિટના ભાષણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિના અભિભાષણનાં ધન્યવાદ પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપ્યો. પોતાના ભાષણમાં વડાપ્રધાને લોકશાહીથી માંડીને આઝાદી સુધી અને કેન્દ્ર અને રાજ્યોની વાત કરી. તો ગામ, ગરીબ, ખેડૂતથી માંડીને મહિલા સશક્તિકરણનાં મુદ્દે સરકારે લીધેલાં તમામ પગલાંની વિગતો સાંસદો સમક્ષ રજૂ કરી.**

**વડાપ્રધાન કયા મુદ્દે શું બોલ્યા, વાંચો લોકસભા અને રાજ્યસભામાં તેમણે આપેલા ભાષણના સંપાદિત અંશ..**



### અમૃતકાળનાં મહત્વ પર....

આજે દેશ આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે. 75 વર્ષની આઝાદીના સમયગાળામાં દેશને દિશા આપવાના, દેશને ગતિ આપવાના પ્રયાસ અનેક સ્તર પર થયા છે અને તે બધાના લેખા-જોખા લઈને જે સારું છે તેને આગળ વધારવાનું છે, જે ખામીઓ છે તેને ઠીક કરવાની છે અને જ્યાં નવી પહેલ કરવાની જરૂર છે તે પહેલ કરવાની છે. દેશ આઝાદીના 100 વર્ષ ઉજવશે ત્યારે આપણે દેશને ક્યાં લઈ જવો છે, કઈ રીતે લઈ જવો છે, કઈ કઈ યોજનાઓની મદદથી દેશને આગળ લઈ જવો છે તેનાં માટે આ અત્યંત મહત્વપૂર્ણ સમય છે.

### કોવિડના પડકારજનક સમય અંગે...

કોરોના વૈશ્વિક મહામારી છે અને છેલ્લાં 100 વર્ષમાં માનવ જાતિએ આટલું મોટું સંકટ ક્યારેય નથી જોયું. જેમણે ભારતને ભૂતકાળનાં આધાર પર જ સમજવાનો પ્રયાસ કર્યો તેમને તો આશંકા હતી કે આટલો વિશાળ દેશ, આટલી વિવિધતા, આ આદતો, આ સ્વભાવ...કદાચ આ ભારત આટલી મોટી લડત લડી શકશે નહીં. ભારત પોતાની જાતને બચાવી શકશે નહીં..આ જ તો તેમની વિચારસરણી હતી. પરંતુ આજે સ્થિતિ શું છે...મેડ ઈન ઈન્ડિયા કોવેક્સિન, કોવિડની રસી દુનિયામાં સૌથી અસરકારક છે. આજે ભારત સો ટકા પ્રથમ ડોઝનાં લક્ષ્યાંકની લગભગ નજીક પહોંચી



ગયો છે. અને લગભગ 80 ટકા બીજા ડોઝનો પડાવ પણ પૂરો થઈ ગયો છે. આ સિધ્ધિ દેશની છે, 130 કરોડ દેશવાસીઓની છે.

## કોવિડકાળમાં સરકારની પ્રતિબધ્ધતા અંગે...

કોરોના કાળમાં 80 કરોડથી વધુ દેશવાસીઓને આટલા લાંબા સમય સુધી મફતમાં રેશનની વ્યવસ્થા, તેમના ઘરનો ચુલો ક્યારેય બંધ ન રહે એવી સ્થિતિ ન સર્જવા દીધી. આ કામ કરીને ભારતે વિશ્વ સમક્ષ મોટું ઉદાહરણ રજૂ કર્યું છે. આ જ કોરોના કાળમાં પાંચ કરોડ ગ્રામીણ પરિવારોને નળનું પાણી પૂરું પાડવાનું કામ કરીને એક નવો વિક્રમ સર્જવામાં આવ્યો. આ જ કોરોના કાળમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે સંકળાયેલા અનેક પ્રોજેક્ટ્સ પૂરા કરવામાં આવ્યા કારણ કે અમે જાણીએ છીએ કે આવા સંકટ સમયમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર જે રોકાણ થાય છે તેનાથી લોકોને રોજગારીની તકો મળે છે. અને તેથી, અમે તેનાં પર પણ ભાર મૂક્યો જેથી રોજગાર પણ મળતો રહે અને આપણે તમામ પ્રોજેક્ટ્સ પૂરાં કરી શકીએ. આ જ કોરાના કાળમાં જમ્મુ કાશમીર હોય કે નોર્થ ઈસ્ટ, દરેક વિસ્તારમાં વિકાસની યાત્રાને આગળ ધપાવવામાં આવી અને અમે તેમને ચલાવી છે. નેશનલ હાઈવે બની રહ્યા છે, રેલવે લાઈનોનું વીજળીકરણ થઈ રહ્યું છે. આજે દેશમાં એરપોર્ટ, હેલિપોર્ટ અને વોટરવેઝનું નેટવર્ક ઊભું થઈ રહ્યું છે. દેશનાં 6 લાખથી વધુ ગામોમાં ઓપ્ટિકલ ફાઈબર નેટવર્કનું કામ ચાલી રહ્યું છે.

## ગરીબો અને ખેડૂતો માટે હિતકારક પગલાં પર....


લાખો પરિવારોને, ગરીબોને, પાકાં ઘર આપવાની અમારા વાયદાના દિશામાં અમે સતત આગળ ચાલતા રહ્યા. આજે ગરીબોનાં ઘર બનાવવામાં પણ લાખો રૂપિયાનો ખર્ચ થાય છે. જેટલાં પણ કરોડો પરિવારોને આ ઘર મળ્યા છે તે દરેક ગરીબ પરિવારને આજે લખપતિ કહી શકાય તેમ છે. ગરીબીમાંથી મુક્તિ જોઈએ તો આપણે નાના ખેડૂતોને મજૂબત બનાવવા પડશે. ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવું હોય તો, આપણા નાના ખેડૂતોને મજબૂત બનાવવા પડશે. કોરોનાના સમયમાં પણ આપણા ખેડૂતોએ વિક્રમજનક ઉત્પાદન કર્યું, સરકારે વિક્રમ ખરીદી કરી. મહામારી છતાં ઘઉં-ચોખાની ખરીદીના નવા વિક્રમ સર્જાયા. ખેડૂતોને વધુ એમએસપી મળી અને તે પણ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરની સ્કીમ અંતર્ગત. આ દેશે કોઈને ભૂખથી મરવા નથી દીધો. 80 કરોડથી વધુ દેશવાસીઓને મફતમાં અનાજ પૂરું પાડવામાં આવ્યું અને આજે પણ આપવામાં આવી રહ્યું છે.

## યુવાનો અને પર્યાવરણ પર...

આ જ કોરોના કાળમાં આજે દેશનાં સ્ટાર્ટઅપ ભારતના યુવાનોની ઓળખ બની ચૂક્યાં છે, પર્યાય બની ગયા છે. આજે દેશના યુવાનોએ ભારતને સ્ટાર્ટઅપની દુનિયામાં ટોચના ત્રણ દેશોમાં સ્થાન અપાવ્યું છે. દેશમાં આંત્રપ્રિન્યોર્સ માટે સારું વાતાવરણ પૂરું પાડવા માટે કર પ્રણાલિ સરળ કરવામાં આવી છે. આને કારણે કમ્પ્લાયન્સમાં ઘટાડો થયો છે. આપણા દેશમાં દરેક ડિપાર્ટમેન્ટ આ લાવો, પેલું લાવ, પેલું કાગળ લાવો કહેતા હોય છે. અમે આશરે 25,000 કમ્પ્લાયન્સ નાબૂદ

## આત્મનિર્ભર ભારત પર...

એમએસએમઈ સહિત દરેક ઉદ્યોગની જરૂરી મદદ કરી. નિયમોને, પ્રક્રિયાઓને સરળ કરી. આત્મનિર્ભર ભારતનું જે મિશન છે, તેને અમે ચરિતાર્થ કરવાનાં ભરપૂર પ્રયાસ કર્યા છે. આ તમામ ઉપલબ્ધિઓ દેશે એવી સ્થિતિમાં હાંસલ કરી છે જ્યારે આંતરરાષ્ટ્રીય સ્તર પર, આર્થિક વિશ્વમાં બહુ મોટી ઉથલપાથલ આજે પણ ચાલી રહી છે. આત્મનિર્ભર ભારત અભિયાન દ્વારા આજે આપણે વૈશ્વિક ચેઈનનો હિસ્સો બની રહ્યા છીએ. ભારત માટે આ સારો સંકેત છે. અમારું મોટું ફોકસ એમએસએમઈ અને ટેક્સટાઈલ સેક્ટર પર છે. અમે એમએસએમઈની વ્યવસ્થા અને એમએસએમઈની પરિભાષામાં સુધારો કરીને નવી તકો પૂરી પાડી છે. એસબીઆઈનો અભ્યાસ કહે છે કે આ યોજનાને કારણે સાડા તેર લાખ એમએસએમઈ બરબાદ થતાં બચી ગયા છે અને એસબીઆઈનો અભ્યાસ કહે છે કે દોઢ કરોડ નોકરીઓ બચી ગઈ છે અને લોનને કારણે આશરે 14 ટકા એમએસએમઈ એનપીએ થવાની સંભાવનામાંથી બચી ગયા છે. વિવિધ મંત્રાલયોએ લોંચ કરેલી પીએલઆઈ સ્કીમને કારણે મેન્યુફેક્ચરિંગને બળ મળ્યું છે. ભારત હવે અગ્રણી મોબાઈલ મેન્યુફેક્ચરર બની ગયું છે અને નિકાસમાં પણ તેનું પ્રદાન વધી રહ્યું છે. આપણી કુલ નિકાસ ઐતિહાસિક સ્તરે છે. અને આ કોરોના કાળ હોવા છતાં સ્થિતિ છે. કૃષિ નિકાસ ઐતિહાસિક સપાટીએ પહોંચી ગઈ છે. સોફ્ટવેર નિકાસ નવી ઊંચાઈ તરફ આગળી વધી રહી છે. મોબાઈલ ફોનની નિકાસમાં અભૂતપુર્વ વધારો થયો છે. આત્મનિર્ભર ભારતની આ કમાલ છે, કે આજે દેશ સંરક્ષણ નિકાસમાં પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી રહ્યો છે.



કર્યા છે. આજે હું રાજ્યોને પણ આગ્રહ કરીશ કે તેઓ પણ શોધી શોધીને કમ્પ્લાયન્સ નાબૂદ કરે. દેશનાં દરેક નાગરિકને મુશ્કેલી પડી રહી છે. તેને સમજો તમે લોકો. આજે દેશમાં આ પ્રકારનાં બેરિયર્સ હટાવવામાં આવી રહ્યા છે. કોરોના કાળમાં કોપ 26નો મુદ્દો હોય, જી 20ની વાત હોય, સમાજ જીવનમાં વિવિધ વિષયોમાં કામ કરવાનુ હોય કે વિશ્વનાં 150 દેશોને દવા પહોંચાડવાની વાત હોય, ભારતે એક લીડરશીપ રોલ અપનાવ્યો છે. આજે ભારતની આ લીડરશીપની વિશ્વભરમાં ચર્ચા છે.

## મોંઘવારી પર....

મોંઘવારી દેશનાં સામાન્ય માણસો સાથે જોડાયેલો મુદ્દો છે. અમારી સરકારે, એનડીએ સરકારે પહેલાં દિવસથી જ સતર્ક અને સંવેદનશીલ રહીને આ મુદ્દાને બારીકાઈથી ફાઈનલ કરવાનો પ્રયાસ કર્યો છે. અમારી સરકારે મોંઘવારી પર નિયંત્રણને પોતાની નાણાંકીય નીતિનું પ્રાથમિક લક્ષ્ય બનાવ્યું છે. સામાન્ય માણસ માટે, ખાસ કરીને ગરીબ માટે, મોંઘવારી સહનશક્તિની મર્યાદાની બહાર ન જાય અને મોંઘવારીને નિયંત્રણમાં રાખવા માટે અમે શું કર્યું છે તે આંકડા જ કહી બતાવે છે.

## રોજગારી મુદ્દે..

આ ગૃહમાં આદરણીય સભ્યોએ રોજગાર અંગે કેટલાંક મહત્વનાં મુદ્દા ઉઠાવ્યા છે. કેટલાંક સભ્યોએ સૂચન પણ કર્યા છે. કેટલી નોકરીઓનું સર્જન થયું તે જાણવા માટે ઈપીએફઓ પેરોલને સૌથી વિશ્વસનીય માધ્યમ માનવામાં આવે છે. વર્ષ 2021માં લગભગ 1.20 કરોડ નવા લોકો ઈપીએફઓના પેરોલમાં જોડાયા હતા. આ બધી ઔપચારિક નોકરીઓ છે અને તેમાં પણ 60-65 લાખ લોકો 18-25 વર્ષની વયજૂથનાં છે. આનો અર્થ એ થયો કે આ ઉંમર પ્રથમ નોકરીની છે. એટલે કે પ્રથમ વાર જોબ માર્કેટમાં તેમની એન્ટ્રી થઈ છે. રિપોર્ટ કહે છે કે, કોરોના પહેલાંની સરખામણીમાં કોવિડ પ્રતિબંધ હટી ગયા પછી હાયરિંગ બમણું થઈ ગયું છે. નાસ્કોમના અહેવાલમાં પણ આ ટ્રેન્ડની ચર્ચા છે. તેનાં જણાવ્યા પ્રમાણે, 2017 બાદ પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રીતે 27 લાખ નોકરીઓ આઈટી સેક્ટરમાં આવી હતી અને તેઓ માત્ર સ્કિલની દ્રષ્ટિએ જ નહીં, તેનાંથી ઉપરનાં લેવલના લોકો હોય છે જેમને રોજગારી મળી છે. મેન્યુફેક્તરિંગમાં વધારાને કારણે ભારતની નિકાસમાં વધારો થયો છે અને તેનો સીધો લાભ રોજગાર ક્ષેત્રને થાય છે.

## મહિલા સશક્તિકરણ પર...

મહિલાઓનું સશક્તિકરણ અમારા માટે પ્રાથમિકતા છે. ભારત જેવા દેશમાં 50 ટકા વસતિ અમારી વિકાસ યાત્રામાં 'સબકા પ્રયાસ'નો હિસ્સો છે. અમે મેટરનિટી લીવ વધારી છે, જે એક રીતે મહિલાઓનાં સશક્તિકરણ અને પરિવારના સશક્તિકરણનો પ્રયાસ છે. 'બેટી બચાઓ-બેટી પઢાઓ' અભિયાનને કારણે સેક્સ રેશિયોમાં આપણે સારી સ્થિતિમાં પહોંચી ગયા છીએ. એક સમયે તેમાં અસંતુલન હતું. આજે એનસીસીમાં આપણી દીકરીઓ છે. સેનામાં આપણી દિકરીઓ છે. વાયુ સેનામાં દીકરીઓ છે. નૌકા સેનામાં દીકરીઓ છે. ●

## સમવાય તંત્રનાં શ્રેષ્ઠ ઉદાહરણ અંગે...

હું કહી શકું છું કે કોરોનાનો સમગ્ર સમયગાળો એક રીતે સમવાય તંત્રનું ઉત્તમ ઉદાહરણ છે. વડાપ્રધાનના એક કાર્યકાળમાં મુખ્યમંત્રીઓ સાથે 23 વાર બેઠક કરવાનું ઉદાહરણ ભાગ્યે જ સાંપડશે. મુખ્યમંત્રીઓ સાથે 23 બેઠકો કરવામાં આવી અને લંબાણપૂર્વક ચર્ચા કરવામાં આવી. મુખ્યમંત્રીઓના સૂચન અને ભારત સરકાર પાસે જે માહિતી હતી, તેમાં હળી મળીને લંબાણથી ચર્ચા કરીને વ્યૂહ બનાવીને બધાંને સાથે લઈને ચાલવાનું છે. કેન્દ્ર સરકાર હોય, રાજ્ય સરકાર હોય કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા હોય, બધાંએ સાથે મળીને પ્રયાસ કર્યો છે. અમે તેને દેશની તાકાત માનીએ છીએ. આ રીતે જ અમે રાજ્ય સરકારો સાથે વાતચીત કરીને 100 આકાંક્ષી જિલ્લાઓ પસંદ કર્યા. એક રાજ્યને બાદ કરતાં તમામ રાજ્યોએ તેનો સ્વીકાર કર્યો. બધાંએ સાથે મળીને એટલાં ઉત્તમ પરિણામ આપ્યા કે અનેક માપદંડમાં આ જિલ્લા પોતાના રાજ્યના સરેરાશ જિલ્લાથી પણ આગળ નીકળી ગયા છે. પહેલાંની સરખામણીમાં ચાર ગણા જનધન ખાતા ખોલવામાં આવ્યા છે. તમામ રાજ્યોએ આ જિલ્લામાં દરેક પરિવારને શૌચાલય મળે, વીજળી મળે, તે માટે પણ ઉત્તમ કામ કર્યુ છે, હું માનું છું કે આ સમવાય તંત્રનું ઉત્તમ ઉદાહરણ છે.




# તમામ દેશવાસીઓનાં રસીકરણની દિશામાં આગેકૂચ

**કોવિડ સામેની ત્રીજી લહેરમાં જેટલી ઝડપથી દૈનિક કેસ નોંધાતા હતા, તેટલી જ ઝડપથી કેસોમાં ઘટાડો પણ નોંધાઈ રહ્યો છે. તે પછી પણ કેન્દ્ર સરકાર કોઈ કચાશ રાખવા માંગતી નથી, તેથી રસીકરણનો વ્યાપ વધારવા પર સતત ભાર મૂકવામાં આવી રહ્યો છે, જેથી દરેક પાત્ર વ્યક્તિને ઝડપથી રસી મળી શકે. આટલું જ નહીં, 15-17 વર્ષના કિશોરોને રસી આપવાનું કામ પણ ઝડપથી ચાલી રહ્યું છે અને પાંચ વર્ષથી વધુ ઉંમરના બાળકો માટે રસી તૈયાર કરવાનું કામ પણ ચાલી રહ્યું છે. આ ઉપરાંત, ભવિષ્યમાં કોવિડના કોઈ પણ વેરિએન્ટથી લોકોને બચાવવા માટે દેશ શક્ય એટલાં તમામ પ્રયાસો કરી રહ્યો છે.**

હિમાચલ પ્રદેશના મંડી જિલ્લામાં શિયાળામાં ભારે બરફવર્ષા થતી હોય છે. આ સ્થિતિમાં અહીં એક જગ્યાએથી બીજી જગ્યાએ આવવું જવું સરળ નથી હોતું. તેમ છતાં, અહીં કોવિડ રસીકરણની ગતિ અટકી નથી. આરોગ્યકર્મીઓ 6 કિલોમીટર ચાલતા જઈને બાળકોને રસી લગાવે છે. આ નવા ભારતનાં સાહસની પરાકાષ્ઠા અને આશાનું કિરણ છે. આપણા આરોગ્યકર્મીઓએ પોતાની ઈચ્છાશક્તિથી તે સાકાર કરી બતાવ્યું છે. તેમની આ ઈચ્છાશક્તિને કારણે જ 19 ફેબ્રુઆરી સુધી ભારતમાં 175 કરોડ કોવિડ રસીનાં ડોઝ લગાવી દેવામાં આવ્યા છે, જ્યારે 15થી 17 વર્ષનાં બે કરોડથી વધુ બાળકોને કોવિડના બંને ડોઝ લગાવવામાં આવ્યા છે. કેન્દ્ર સરકાર દેશભરમાં કોવિડ-19 રસીકરણનો વ્યાપ વધારવા અને લોકોને રસી લગાવવાની ગતિ વધારવા માટે પ્રતિબધ્ધ છે. મોટી સંખ્યામાં રસી ઉપલબ્ધ કરાવીને રસીકરણ અભિયાનની ઝડપને વધારવામાં આવી રહી છે. આ અંતર્ગત રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને રસીની ઉપલબ્ધિ અંગે આગોતરી જાણ કરવામાં આવે છે, જેથી તેઓ સુવ્યવસ્થિત યોજના સાથે રસી લગાવી શકે અને રસીની સપ્લાય ચેઈનને સુધારી શકાય.

### સ્પુતનિક લાઈટ વેક્સિનને મંજૂરી

ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા એટલે કે ડીસીજીઆઇએ ભારતમાં સિંગલ ડોઝ સ્પુતનિક લાઈટ કોવિડ-19 રસીને ભારતમાં ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપી છે. કોવિડ સામેની લડાઈમાં ભારતનો મળેલી આ નવમી રસી છે. અત્યાર સુધી ભારતમાં આઠ રસીને મંજૂરી આપી દેવામાં આવી છે. આ રીતે, સદીની સૌથી મોટી વૈશ્વિક મહામારી કોવિડ સામેની લડાઈમાં ભારતને વધુ એક શસ્ત્ર

### સામાન્ય બની રહેલું જનજીવન

ભારતમાં કોવિડ-19ની ત્રીજી લહેર વચ્ચે નવા કેસોમાં દિવસે ને દિવસે ઘટાડો થઈ રહ્યો છે અને જનજીવન ઝડપથી સામાન્ય બની રહ્યું છે. ભારતમાં આશરે 40 દિવસ બાદ 13 ફેબ્રુઆરીનાં રોજ કોવિડ-19ના કેસોની સંખ્યા 50,000થી નીચે હતી અને 44,877 નવા કેસો નોંધાયા. 19 ફેબ્રુઆરીનાં રોજ 22,270 નવા કેસો નોંધાયા અને રિકવરી રેટ 98.21 % હતો. આ કારણસર જ હવે સરકારો પ્રતિબંધ હળવા કરી રહી છે અને જનજીવન સામાન્ય બની રહ્યું છે. શાળા, કોલેજ, મોલ્સ, થિયેટર ખોલવામાં આવી રહ્યા છે અને ઔદ્યોગિક એકમો ફરી ખૂલી રહ્યા છે.

### સંક્રમિતોની સરખામણીમાં સાજા થનારાની સંખ્યા

| દિવસ | નવા કેસ | સાજા થયા |
|---|---|---|
| 19 ફેબ્રુઆરી | 22,270 | 60,298 |
| 18 ફેબ્રુઆરી | 25,920 | 66,254 |
| 17 ફેબ્રુઆરી | 30,757 | 67,538 |
| 16 ફેબ્રુઆરી | 30,615 | 82,988 |
| 15 ફેબ્રુઆરી | 27,409 | 82,817 |
| 14 ફેબ્રુઆરી | 34,113 | 91,930 |
| 13 ફેબ્રુઆરી | 44,877 | 1,17,591 |
| 12 ફેબ્રુઆરી | 50,407 | 1,36,962 |

**175** કરોડ કોવિડ રસીના ડોઝ આપવામાં આવ્યા




**80** ટકા પુખ્ત વસતિને કોવિડ રસીના બંને ડોઝ આપવામાં આવ્યા

**15 થી 17** વર્ષના વયજૂથના **2** કરોડથી વધુ કિશોરોનું સંપૂર્ણ રસીકરણ

આંકડા 19 ફેબ્રુઆરી, 2022 સુધીનાં

મળી ગયું છે, જેનાથી કોવિડ-19 મહામારી સામે દેશની સામૂહિક લડાઈને વધુ મજબૂતી મળશે.

### કોવિડ-19 રસી માટે આધારકાર્ડ ફરજિયાત નથી

કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, કોવિડ-19 રસીકરણ અને કોવિન પોર્ટલ પર રજિસ્ટ્રેશન માટે આધાર કાર્ડ ફરજિયાત નથી અને 87 લાખ લોકોને આઇડી વગર રસી આપી દેવામાં આવી છે. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, પોર્ટલ પર રજિસ્ટ્રેશન માટે આધાર કાર્ડ ફરજિયાત નથી અને બાકીના દસ્તાવેજોમાંથી કોઈ એક પણ રજૂ કરી શકાય છે. આના પરથી સ્પષ્ટ થાય છે કે કોવિડની રસી લેવા માટે આધાર જ એક માત્ર શરત નથી. આના પરથી દરેક નાગરિકને રસી આપવાની સરકારની પ્રતિબધ્ધતા સાબિત થાય છે.

### આરોગ્ય સેતુ એપ સાથે વધુ એક ફીચર જોડાયું

કોવિડ કાળમાં સંક્રમણમાંથી બચવાથી માંડીને રસી માટે રજીસ્ટ્રેશન કરાવવા, સેન્ટર શોધવા અને સર્ટિફિકેટ મેળવવામાં મહત્વની ભૂમિકા ભજવનાર આરોગ્ય સેતુ એપ હવે આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન સાથે જોડાઈ ગઈ છે. તેની મદદથી ડોક્ટરનું પ્રિસ્ક્રિપ્શન અને તપાસનો અહેવાલ સહિતનો તમામ મેડિકલ ડેટા એક ક્લિકમાં મળી શકશે. આ માટે તમારે આરોગ્ય સેતુ એપ પર જઈને આયુષ્યમાન ભારત હેલ્થ એકાઉન્ટ ખોલાવવાનું રહેશે. એકાઉન્ટ ખુલતાં જ આરોગ્ય સેતુ પર 14 આંકડાનો નંબર જનરેટ થશે, જેની મદદથી તમામ મેડિકલ ડેટા મોબાઈલ એપ પર સ્ટોર કરી શકાય છે.


### કોવિડ ગયો નથી, સાવધાની જરૂરી

કોવિડ મહામારી હજુ ગઈ નથી, ત્યારે લાપરવાહી કરવી નુકસાનકારક સાબિત થઈ શકે છે. વિશ્વ આરોગ્ય સંગઠને પણ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે મહામારી હજુ પૂરી નથી થઈ અને હજુ પણ કોવિડ-19ના અનેક વેરિએન્ટ ત્રાટકી શકે છે. ડબલ્યુએચઓના ચીફ સાયન્ટિસ્ટ સૌમ્યા સ્વામીનાથને ભવિષ્યમાં આવનારા કોવિડ-19ના અન્ય વેરિએન્ટ અંગે ચેતવણી આપી છે. તેમણે જણાવ્યું કે, આપણે જોયું છે કે વાયરસ તેનાં રૂપ બદલી રહ્યું છે. તે નવા નવા સ્વરૂપમાં સામે આવી રહ્યો છે, તેથી કોવિડના નવા વેરિએન્ટની આશંકાથી ઈનકાર ન કરી શકાય. તેથી લોકોએ સાવધાની રાખવાની અને કોઇ પણ પ્રકારનું જોખમ ન લે તેની ખાસ જરૂર છે. તેથી, કોવિડ સામેની લડાઈમાં માસ્કને તમારું સલામતી કવચ બનાવો અને સંક્રમણને ફેલાતો રોકવામાં પ્રદાન કરો. ●

# આઝાદ ભારતના અમર બલિદાની

**12 માર્ચ...આ ઐતિહાસિક દિવસે 92 વર્ષ પહેલાં મહાત્મા ગાંધીએ સાબરમતી આશ્રમથી દાંડી કૂચ શરૂ કરી હતી, જેણે અંગ્રેજ શાસનનો પાયો હચમચાવી દીધો હતો. ગયા વર્ષે આ જ દિવસે ભારતે 75 સપ્તાહ પહેલાં આઝાદીના અમૃત મહોત્સવની શરૂઆત કરી અને આજે દેશનો દરેક નાગરિક સ્વતંત્રતા સેનાનીઓને યાદ કરીને તેમની પાસેથી પ્રેરણા લઈ રહ્યો છે...**

## અમૃત મહોત્સવનું એક વર્ષ



ભારતનો સ્વતંત્રતા સંગ્રામ માત્ર પોતાની સત્તા અને પોતાના અધિકારોની લડાઈ જ નહોતી, પણ આ લડાઈમાં એક બાજુ 'સંસ્થાનવાદ માનસિકતા' હતી, તો બીજી બાજુ 'જીવો અને જીવવા દો'નો વિચાર હતો. તેમાં એક બાજુ વંશીય શ્રેષ્ઠતા અને ભૌતિકવાદનો ઉન્માદ હતો, તો બીજી બાજુ માનવતા અને આધ્યાત્મમાં આસ્થા હતી. આ લડાઈમાં ભારતનો વિજય થયો, ભારતની પરંપરાનો વિજય થયો. ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં સમાનતા, માનવતા અને આધ્યાત્મિક ઊર્જાનો પણ સંચાર હતો. આઝાદીની આ લડાઈમાં જેટલાં સેનાનીઓએ પ્રદાન આપ્યું, દેશ માટે જીવ્યા અને મર્યા, દેશ માટે યુવાની ખપાવી દીધી, એ દરેકને સ્મરણ કરવાનો, તેમને ફરીથી યાદ કરવાનો આ પ્રસંગ છે. સાથે સાથે, આ તેમનાં સપનાને યાદ કરીને કેટલાંક સંકલ્પો લેવાનો પણ પ્રસંગ છે. 8 માર્ચ, 1930નાં રોજ શરૂ થયેલી સવિનય કાનૂન ભંગની ચળવળ અને 12 માર્ચ, 1930નાં રોજ મહાત્મા ગાંધીજીના નેતૃત્વમાં ઐતિહાસિક દાંડી માર્ચ આપણા સ્વતંત્રતા સંગ્રામના એ સીમાચિહ્ન છે, જેનાં પર ચાલીને આપણે આઝાદ ભારતનું સપનુ પૂરું કર્યું. ગયા વર્ષે 2021માં મીઠાના સત્યાગ્રહના 91 વર્ષ પૂરા થવા પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પદયાત્રાને લીલી ઝંડી આપીને સાબરમતી આશ્રમથી અમૃત મહોત્સવની શરૂઆત કરાવી હતી.

***અમૃત મહોત્સવની શ્રૃંખલામાં આ અંકમાં વાંચો સુશીલા દીદી, સચ્ચિદાનંદ હીરાનંદ વાત્સાયન 'અજ્ઞેય', બુર્ગુલા રામકૃષ્ણ રાવ અને વિશ્વનાથ દાસની કહાની....***

# સુશીલા દીદીએ ક્રાંતિકારીઓ માટે પોતાનાં ઘરેણાં વેચ્યાં

જન્મઃ 5 માર્ચ, 1905 મૃત્યુઃ 13 જાન્યુઆરી, 1963

એક વાર દેશબંધુ ચિત્તરંજન દાસ એક વાર લાહોર આવ્યા હતા કહેવાય છે કે એ જાહેર સભામાં સુશીલા દીદીએ પોતે લખેલું ગીત ‘ જુગ જુગ ગગન લહરાવે ઝંડા ભારત દા’ સંભળાવ્યું હતું. જેને સાંભળીને દેશબંધુ રડી પડ્યા, તો ભારત કોકિલા સરોજિની નાયડુ પણ ભાવ વિભોર થઈ ઉઠ્યાં હતાં. આ ગીત એ જમાનામાં ક્રાંતિકારીઓનું મનગમતું ગીત બની ગયું હતું. સુશીલા દીદી નાનાં હતા ત્યારે જ તેમની માતાનું અવસાન થઈ ગયું હતું. તેમણે પોતાના અભ્યાસની સાથે સાથે અનેક ક્રાંતિકારી સંગઠનો સાથે જોડાયેલા રહ્યા. દેશને આઝાદ કરાવવા માટે તેઓ અનેક ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં જોડાવા લાગ્યા, જેમાં ગુપ્ત માહિતી પહોંચાડવી, લોકોનાં મનમાં ક્રાંતિની જ્વાળા પ્રજ્વલિત કરવા ચોપાનિયાં વહેંચવા વગેરે કામોનો સમાવેશ થાય છે. 5 માર્ચ, 1905નાં રોજ દત્તોચૂહડ (હાલમાં પાકિસ્તાનમાં)માં જન્મેલા સુશીલા દીદી એક એવી દેશભક્ત મહિલા હતી, જેમણે કાકારીકાંડમાં ફસાયેલા ક્રાંતિકારીઓને બચાવવા માટે પોતાનાં લગ્ન માટે સંઘરેલું 10 તોલા સોનું પણ વેચી દીધું હતું. આ સોનું સુશીલા દીદીની માતાએ પોતાની દીકરી




**કહેવાય છે કે સેન્ડર્સની હત્યા બાદ ભગત સિંહ કલકત્તામાં સુશીલા દીદીનાં ઘરમાં રહ્યા હતા.**

માટે રાખ્યું હતું. સુશીલામાંથી સુશીલા દીદી બનવાની કહાની પણ ખૂબ રસપ્રદ છે. સુશીલાની શાળાના આચાર્યએ તેમની મુલાકાત દુર્ગા ભાભી સાથે કરાવી હતી અને ધીરે ધીરે બંનેના સંબંધો ગાઢ બનતા ગયા અને બંને વચ્ચે નણંદ ભાભીનાં સંબંધો બન્યા. એ પછી સુશીલા મોહન તમામ ક્રાંતિકારીઓ માટે સુશીલા દીદી બની ગઈ. કહેવાય છે કે ભગત સિંહ પણ સુશીલા દીદીને મોટી બહેન ગણીને માન આપતા હતા અને તેમણે બ્રિટિશ સરકાર વિરુધ્ધ સાથે મળીને કામ કર્યુ હતું. બ્રિટિશ પોલિસ અધિકારી સેન્ડર્સની હત્યા બાદ ભગત સિંહ, દુર્ગાભાભીની સાથે છદ્મવેશમાં કલકત્તા પહોંચ્યા, જ્યાં સુશીલા દીદીએ પોતાનાં ઘરે તેમને આશરો આપ્યો. 1933માં શ્યામ મોહન સાથે તેમનાં લગ્ન થયા, પતિ વકીલ હોવાની સાથે સાથે સ્વતંત્રતા આંદોલન સાથે પણ જોડાયેલા હતા. 1942ના આંદોલનમાં પતિ-પત્ની બંને જેલમાં પણ ગયા. આ દરમિયાન, શ્યામ મોહનને દિલ્હીમાં રાખવામાં આવ્યા હતા, જ્યારે દીદીને લાહોરમાં રાખવામાં આવ્યા હતા. દેશને આઝાદ કરવા માટે તેઓ સતત મુશ્કેલી સહન કરતા રહ્યા પણ તેમણે ક્યારેય પોતાનો સંઘર્ષ બંધ ન કર્યો

# ભારતમાં હૈદરાબાદના વિલય માટે અવાજ ઉઠાવનાર ક્રાંતિકારી રામકૃષ્ણરાવ

જન્મઃ 13 માર્ચ, 1899 મૃત્યુઃ 15 સપ્ટેમ્બર, 1967


મહાન સ્વતંત્રતા સેનાની અને હૈદરાબાદના પ્રથમ મુખ્યમંત્રી બુર્ગુલા રામકૃષ્ણરાવે અંગ્રેજો જ નહીં, પણ હૈદરાબાદના નિઝામના અત્યાચાર સામે પણ સંઘર્ષ કર્યો હતો. તેમણે સ્વામી રામાનંદ તીર્થ સહિતનાં અનેક નેતાઓના નેતૃત્વમાં હૈદરાબાદના સ્વતંત્ર ભારતમાં વિલયમાં મહત્વની ભૂમિકા ભજવી. હૈદરાબાદમાં એક વકીલ તરીકે પોતાની કારકિર્દી શરૂ કરનાર બુર્ગુલા રામકૃષ્ણરાવનો જન્મ 13 માર્ચ, 1899નાં રોજ આજના તેલંગાણા રાજ્યના મહેબૂબ નગર જિલ્લામાં એક બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. 1923માં પૂણેની ફર્ગ્યુસન કોલેજ અને મુંબઈ યુનિવર્સિટીમાંથી અભ્યાસ કર્યા બાદ તેમણે 1924માં હૈદરાબાદમાં વકીલાત કરવાનું શરૂ કર્યુ હતું. આ દરમિયાન તેમણે ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લેવાનું શરૂ કર્યું. તેમણે ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં સક્રિય ભાગીદારી કરી અને ભારત છોડો આંદોલનમાં પણ ભાગ લીધો. આ દરમિયાન, તેમને અનેક વાર જેલમાં જવું પડ્યું અને અનેક મુશ્કેલીઓ સહન કરવી પડી.



તેઓ ‘હૈદરાબાદ સામાજિક સંમેલન'ના સચિવ અને 'હૈદરાબાદ સુધાર સમિતી' તથા 'હૈદરાબાદ રાજનૈતિક સંમેલન'ના સભ્ય હતા. 1938માં તેમને રાજ્ય કોંગ્રેસની કારાબોરીના સભ્ય બનાવવામાં આવ્યા અને 1937માં પ્યુપિલ્સ કન્વેશનના સચિવ નિયુક્ત થયા. તેઓ ત્રણ વર્ષ સુધી આંધ્રપ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ પણ રહ્યા. ભારતની આઝાદી બાદ તેમણે સમાજ સુધારા અને નવા ભારતના નિર્માણમાં મહત્વની ભૂમિકા નિભાવી અને અનેક સમકાલીન આંદોલનોમાં પણ ભાગ લીધો. અનેક ભાષાઓનાં જાણકાર રાવ 6 માર્ચ, 1952થી 31 ઓક્ટોબર, 1956 સુધી હૈદરાબાદ રાજ્યના પ્રથમ ચૂંટાયેલા મુખ્યમંત્રી રહ્યા. બાદમાં તેઓ 22 નવેમ્બર, 1956થી 1 જુલાઈ, 1960 સુધી કેરળ અને 1 જુલાઈ, 1960થી 15 એપ્રિલ, 1962 સુધી ઉત્તરપ્રદેશના રાજ્યપાલ પણ રહ્યા. ભૂતપુર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીએ 31 ઓગસ્ટ, 1999નાં રોજ હૈદરાબાદના રાજભવનમાં બુર્ગુલા રામકૃષ્ણારાવની જીવનકથાનું વિમોચન કર્યું હતું. 13 માર્ચ, 2000નાં રોજ ભારત સરકારના ટપાલ વિભાગે તેમનાં સન્માનમાં એક ટપાલ ટિકિટનું વિમોચન કર્યું હતું. 15 સપ્ટેમ્બર, 1967નાં રોજ બુર્ગુલા રામકૃષ્ણરાવનું અવસાન થયું.

# ‘અજ્ઞેય’... જેઓ દેશને આઝાદ કરાવવા માટે બોંબ બનાવતા પણ શીખ્યા

જન્મઃ 7 માર્ચ, 1911, મૃત્યુઃ 4 એપ્રિલ, 1987




**અજ્ઞેયની જાણીતી રચનાઓમાં ‘ભગ્નદૂત’, ‘ચિંતા’, ‘ઇત્યલમ’, ‘હરી ઘાસ પર ક્ષણ ભર,’ ‘બાવરા અહેરી, ‘આંગન કે પાર દ્વાર,’’ ‘પૂર્વા, ‘કિતની નાવોંમેં કિતની કિતની બાર,’’ ‘ક્યોંકિ મૈં ઉસે જાનતા હૂં, ‘સાગર મુદ્રા’, ‘પહેલે મેં સન્નાટા બુનતા હૂં,’ ‘શેખર,’ એક જીવની,’ ‘નદી કે દ્વીપ,’ અને ‘અપને અપને’નો સમાવેશ થાય છે.**

ભારતની આઝાદીની સંઘર્ષ ગાથામાં સચ્ચિદાનંદ હીરાનંદ વાત્સાયન ‘અજ્ઞેય’નું નામ એવા ક્રાંતિકારી તરીકે આવ્યું છે, જે દેશની આઝાદી માટે 1930થી 1936 સુધી અલગ અલગ જેલમાં બંધ રહ્યા અને છ વર્ષ સુધી નજરબંધ રહ્યા બાદ આઝાદ થયા. 7 માર્ચ, 1911નાં રોજ ઉત્તરપ્રદેશના કુશીનગરમાં જન્મેલા હિન્દીના મૂર્ધન્ય સાહિત્યકાર સચ્ચિદાનંદ હીરાનંદ વાત્સાયન ‘અજ્ઞેય’નો પ્રારંભિક અભ્યાસ ઘરમાં થયો હતો કારણ કે તેમના પિતાને શાળાકીય શિક્ષણમાં વિશ્વાસ નહોતો. યુવાન થયા પછી તેમણે લાહોર યુનિવર્સિટીમાંથી ઈન્ડસ્ટ્રિયલ સાયન્સમાં બીએસસી અને પછી એમએ અંગ્રેજીમાં એડમિશન લીધું. અહીં જ અભ્યાસ દરમિયાન તેમનો પરિચય ભગતસિંહ અને હિન્દુસ્તાન રિપબ્લિકન આર્મીના સભ્યો-ક્રાંતિકારી ચંદ્રશેખર આઝાદ, સુખદેવ અને ભગવતીચરણ વોરા સાથે થયો અને અહીં જ નૌજવાન ભારત સભા સાથે પણ પરિચય થયો. ભણતા હતા ત્યારે જ તેઓ આંદોલનમાં જોડાયા. કહેવાય છે કે તેઓ બોંબ બનાવતા હતા તે સમયે પકડાઈ ગયા, પણ ફરાર થઈ ગયા. પછી ફરીથી પકડાઈ ગયા અને અંગ્રેજોએ તેમને ફાંસી અપાવવા ખૂબ પ્રયાસ કર્યા પણ નિષ્ફળ ગયા. અજ્ઞેય એવા સાહિત્યકાર હતા, જે ક્યારેક ક્રાંતિકારી રહ્યા, તો ક્યારેક સેનામાં સૈનિકની ભૂમિકામાં પણ રહ્યા. દેશની આઝાદી માટે સતત સંઘર્ષરત રહ્યા. અજ્ઞેયના લેખકીય જીવન પર જેલની અસર પણ જોવા મળે છે. તેમની કહાની ‘કોઠરી કી બાત' વાંચીને સમજાય છે કે આંદોલનકારી કેટલાં મજબૂત હશે. જ્યારે તેઓ જેલમાં હતા ત્યારે તેમનો કાવ્ય સંગ્રહ‘ ભગ્નદૂત' અને ‘ઇત્યલમ' પ્રકાશિત થયો હતો અને આ સંગ્રહની કવિતાઓમાં ક્રાંતિનો સૂર હતો. કહેવાય છે કે સચ્ચિદાનંદ હીરાનંદ વાત્સાયનને ‘અજ્ઞેય’ ઉપનામ મુન્શી પ્રેમચંદે આપ્યું હતું. વાત્યાસને તેમની કેટલીક રચનાઓ પ્રેમચંદ પાસે મોકલી હતી, જેનાં પર કોઈનું નામ નહોતું તેથી પ્રેમચંદે કોઈને લેખકનું નામ પૂછ્યું પણ જાણવા ન મળ્યું એટલે તેમણે કહ્યું કે હું ‘અજ્ઞેય’ નામથી આ રચના છાપી દઈશ. એ જ દિવસથી સચ્ચિદાનંદ હીરાનંદ વાત્સાયન સાથે ‘અજ્ઞેય’ નામ જોડાઈ ગયું. એ પછી તેમની રચના ‘અજ્ઞેય’ નામથી પ્રકાશિત થવા માંડી. ‘અજ્ઞેય’ હિન્દી ભાષાના એવા પ્રતિષ્ઠિત કવિ, વાર્તાકાર અને નવલકથાકાર હતા જેમણે અનેક રચનાકારોની કૃતિઓનો હિન્દીમાંથી અંગ્રેજીમાં અનુવાદ કર્યો હતો. દેશ આઝાદ થયો તે પછી તેઓ પત્રકારત્વ અને સાહિત્યની દુનિયામાં વ્યસ્ત થઈ ગયા. પત્રકારત્વ અને સાહિત્યના ક્ષેત્રમાં પ્રશંસનીય યોગદાન આપનાર રચનાકાર અજ્ઞેયે આગ્રાથી પ્રસિધ્ધ થતા સાપ્તાહિક ‘સૈનિક'થી પત્રકારત્વની કારકિર્દી શરૂ કરી હતી. તેમને અનેક ભારતીય પુરસ્કાર, આંતરરાષ્ટ્રીય 'ગોલ્ડન રીથ' પુરસ્કાર, સાહિત્ય અકાદમી પુરસ્કાર અને જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. 4 એપ્રિલ, 1987નાં રોજ તેમનું અવસાન થયું હતું.

# વિશ્વનાથ દાસ...ઓડિશાને રાજ્ય બનાવવા માટે જેમણે મહાત્મા ગાંધીને મનાવ્યા

**જન્મ: 8 માર્ચ, 1889 મૃત્યુ: 2 જૂન, 1984**

દેશ સેવા માટે આજીવન સમર્પિત રહેલા સ્વતંત્રતા સેનાની પંડિત વિશ્વનાથ દાસ મહાત્મા ગાંધીથી ખૂબ પ્રભાવિત હતા અને તેમના પ્રભાવને કારણે જ વકીલાતનું કામ છોડીને પોતાનું જીવન દેશની આઝાદી માટે સમર્પિત કરી દીધું હતું. 1921માં તેઓ કોંગ્રેસમાં જોડાઈ ગયા, 8 માર્ચ, 1889નાં રોજ તત્કાલીન મદ્રાસ પ્રેસિડન્સીના ગંજમ જિલ્લામાં જન્મેલા વિશ્વનાથ દાસે સ્વતંત્રતા સેનાનીઓ સાથે મળીને સંઘર્ષ કર્યો એટલું જ નહીં, પણ અંગ્રેજોને દેશમાંથી કાઢી મૂકવા માટે સવિનય કાનૂન ભંગ, ભારત છોડો આંદોલન અને મીઠાના સત્યાગ્રહમાં ભાગ લઈને જેલ પણ ગયા. 1921માં તેમણે મદ્રાસ પ્રેસિડન્સીમાં ખેડૂત સંઘની સ્થાપના કરી હતી. 1920-29 સુધી તેઓ મદ્રાસ કાઉન્સિલના સભ્ય પણ રહ્યા. વિશ્વનાથ દાસે મહાત્મા ગાંધીને અલગ ઓડિશા રાજ્યની રચના માટે વિશ્વાસમાં લીધા હતા. તેમણે કૃષ્ણચંદ્ર ગજપતિ નારાયણ દેવ અને અન્ય સાથીઓ સાથે મળીને ઉડિયા ભાષી લોકો માટે અલગ રાજ્યનાં નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. તેમનાં પ્રયાસોને કારણે જ મહાત્મા ગાંધી અંગ્રેજો સમક્ષ પ્રસ્તાવ રાખવા માટે સંમત થયા અને ઓડિશાને અલગ રાજ્ય તરીકેની માન્યતા આપવામાં આવી. પાક્કા ગાંધીવાદી અને મક્કમ વિચારો ધરાવતા વિશ્વનાથ દાસ 1936માં બ્રિટિશ યુગના ભારતના ઓડિશા પ્રાંતના વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા અને 1937થી 1939 સુધી પ્રીમિયર (વડાપ્રધાન) રહ્યા. જો કે બાદમાં તેમણે આ હોદ્દા પરથી રાજીનામું ધરી દીધું. તેઓ 1947-1951 સુધી ઓડિશામાંથી ભારતની બંધારણ સભાના સભ્ય રહ્યા અને અનેક વર્ષો સુધી અખિલ ભારતીય કોંગ્રેસ કમિટીના સભ્ય પણ રહ્યા. સાદગીભર્યું જીવન જીવનાર વિશ્વનાથ દાસ ત્રણ વાર ઉત્કલ પ્રદેશ કોંગ્રેસ કમિટીના અધ્યક્ષ પણ ચૂંટાયા. ઓડિશા પ્રાંતના પ્રીમિયર હતા ત્યારે તેમણે જનહિતમાં વિકાસનાં અનેક કાર્યો કર્યા અને નવી નીતિઓ બનાવી. તેમણે લોકોને જમીનદારોના અત્યાચારમાંથી બચાવવા અનેક સાર્થક પ્રયાસ કર્યા. એટલું જ નહીં, તેમણે ઓડિશાના લોકોને પૂરમાંથી બચાવવા માટે હીરાકુંડ બંધ બનાવવા માટે અંગ્રેજો સમક્ષ પ્રસ્તાવ મૂક્યો. આ બંધ વિશ્વપ્રસિધ્ધ એન્જિનિયર મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયાનાં નેતૃત્વ હેઠળ તૈયાર કરવામાં આવ્યો હતો. 1962માં તેઓ ઉત્તરપ્રદેશના રાજ્યપાલ બન્યા અને 1967 સુધી આ હોદ્દા પર રહ્યા. 2 જૂન, 1984નાં રોજ તેમનું અવસાન થયું. ●



**"**

**આઝાદીના અમૃત મહોત્સવમાં આપણે સ્વતંત્રતા સંગ્રામના ઇતિહાસને યાદ કરી રહ્યા છીએ. આજે દેશ પોતાના સ્વતંત્રતા સેનાનીઓને કૃતજ્ઞ શ્રધ્ધાંજલિ આપી રહ્યો છે. આપણા ઇતિહાસમાંથી આપણે પ્રેરણા લઈ રહ્યા છીએ, ઊર્જા લઈ રહ્યા છીએ. એટલે, અમૃત મહોત્સવનું આ આયોજન આઝાદીની લડાઈની સાથે સાથે હજારો વર્ષોનાં ભારતનાં વારસાને પણ આવરી લે છે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

## 'સંગ્રહાલયોની પુનઃકલ્પના' પર વૈશ્વિક મંથન

ભારતની સ્વતંત્રતાની 75મી વર્ષગાંઠના પરિપ્રેક્ષ્યમાં દેશની જનતા, તેની સંસ્કૃતિ અને ઉપલબ્ધિઓના ગૌરવશાળી ઈતિહાસનો ઉત્સવ મનાવવા માટે મહત્વના કાર્યક્રમ આઝાદી કા અમૃત મહોત્સવના ઉપક્રમે 'ભારતમાં સંગ્રહાલયોની પુનર્કલ્પના' વિષય પર હૈદરાબાદમાં 15-16 ફેબ્રુઆરીનાં રોજ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં ભારત, ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ, ઇટાલી, સિંગાપોર, સંયુક્ત આરબ અમીરાત, યુનાઇટેડ કિંગડમ અને અમેરિકા જેવા દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. ભારત સરકાર સ્વતંત્રતા સંગ્રામમાં આદિવાસી સ્વતંત્રતા સેનાનીઓના યોગદાનને માન્યતા આપવા માટે 10 સંગ્રહાલયોને વિકસાવવા પર કામ કરી રહી છે અને વસ્ત્ર અને શિલ્પ સંગ્રહાલયો, સંરક્ષણ સંગ્રહાલયો અને રેલવે સંગ્રહાલયો જેવા વિશેષ સંગ્રહાલયોને મદદ કરી રહી છે. 2014થી અત્યાર સુધી સંસ્કૃતિ મંત્રાલયે દેશભરમાં 110 સંગ્રહાલયોને આર્થિક મદદ આપી છે અને વૈજ્ઞાનિક અભિગમને પ્રોત્સાહન આપવા માટે 18 વિજ્ઞાન સંગ્રહાલય પણ વિકસાવવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત, મંત્રાલય અંતર્ગત કામ કરનાર ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ દેશભરમાં 52 સંગ્રહાલયોનું સંચાલન પણ કરે છે.

RNI No. :
DELGUJ/2020/78810
March: 1-15, 2022

New India
SAMACHAR
Fortnightly

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 26-28 advance Fortnightly (Publishing Date February 19, 2022, Pages - 44)

# ભારત ભાગ્ય લક્ષ્મી

નવા ભારતમાં આજે નારી શક્તિને મહત્વનું સ્થાન મળ્યું છે, તો દેશનાં ઉચ્ચ પુરસ્કારોમાં પ્રાથમિકતા આપવામાં આવી છે. 2022નાં પદ્મ પુરસ્કારોની યાદીમાં 34 મહિલાઓનો સમાવેશ થાય છે.

“ 2015થી અત્યાર સુધી 185 મહિલાઓને તેમનાં અભૂતપુર્વ કાર્ય બદલ પદ્મથી સન્માનિત કરવામાં આવ્યાં છે. આ વર્ષે વિવિધ ક્ષેત્રોમાં કામ કરનારી મહિલાઓને 34 પદ્મ પુરસ્કારો મળ્યા છે. આ એક પ્રકારનો રેકોર્ડ છે. આ પહેલાં આટલી મોટી સંખ્યામાં મહિલાઓને પદ્મ પુરસ્કારો નથી મળ્યા. -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન


ડો. વિદ્યા વિંદુ સિંહ


રમીલાબેન ગામીત


અવનિ લખેરા


ગુરમીત બાવા


બસંત દેવી


બડાપલિન વાર


એલ બિનો દેવી


દુર્ગાબાઈ વ્યામ


લલિતા વકીલ


અંજીતા શ્રીવાસ્તવ


તાતિયાના એલ


પદ્મજા રેડ્ડી


વંદના કટારિયા


સૌકર જાનકી


મુક્તામણિ દેવી


શકુંતલા ચૌધરી


સુલોચના ચૌહાણ


માધુરી બર્થવાલ


નઝમા અખ્તર


પ્રતિભા રાય


સુચિત્રા એલા


શ્યામમણિ દેવી


સંઘમિત્રા


કમલિની અસ્થાના અને નલિની અસ્થાના


પ્રભા અત્રે


મધુર જાફરી


આર મુથુકન્નમલ


પ્રભાબેન શાહ


તારા જૌહર


આચાર્ય ચંદનાજી


કે વી રાબિયા


સોસમ્મા લિપ્પે


ડો. લતા દેસાઈ

Gujarati

**Editor**
**Jaideep Bhatnagar**, Principal Director General, Press Information Bureau, New Delhi

**Published & Printed by: Satyendra Prakash**, Principal Director General, BOC on behalf of Bureau of Outreach and Communication

**Published from Room No–278, Bureau of Outreach and Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at** Aravali Printers & Publishers Pvt. Ltd., Okhla Industrial Area Phase-II, New Delhi-110020